




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૫-૦૫-૨૦૨૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ વૈશાખ વદ ૨ વર્ષ : ૨૮ અંક ૨૪૨


## પંજાબમાં ચૂંટણી પ્રચારકાર્યમાં વ્યસ્ત પ્રજાના પ્રતિનિધિ શ્રી મહેશ કસવાળાએ કામ કરી બતાવ્યું

# કુંડલા-લીલીયાને પાણીનો વધુ જથ્થો અપાવતા શ્રી કસવાળા

### ચાવંડથી કુંડલા-લીલીયાને દૈનિક મળતું ૨૨ એમએલડી નર્મદાનું પાણી શ્રી કસવાળાએ કરેલી રજુઆતને પગલે ૨૪ કલાકમાં ૨૮ એમએલડી કરી દેવાયું

### જાગૃત અને કાર્યદક્ષ ધારાસભ્ય શ્રી મહેશ કસવાળાએ પાણી માટે સરકાર અને પાણી પુરવઠા વિભાગને કરેલી અસરકારક રજુઆતથી ત્વરીત પગલા



અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

ઘણા વિસ્તારો એવા નસીબદાર હોય છે કે, ત્યાના લોકોએ ચૂંટેલા પ્રતિનિધી લોકો માટે ખરા અર્થમાં સેવક સાબીત થતા હોય છે આવા જ પ્રતિનિધ મળ્યા હોવાનું ગૌરવ આજે સાવરકુંડલ અનુભવી રહયું છે. પંજાબમાં ચૂંટણી પ્રચારકાર્યમાં વ્યસ્તપ્રજાનાપ્રતિનિધિ શ્રી મહેશ કસવાળાએ કામ કરી બતાવ્યું છે તેમણે જરુરીયાત વધતા સાવરકુંડલા-લીલીયાને યુધ્ધના ધોરણે પાણીનો વધુ જથ્થો અપાવ્યો છે. જિલ્લાના સાવરકુંડલા-લીલીયાના ૧૧૭ગામોમાંથી ૮૫જેટલા

(અનુ. પાના નં.૨)

## મોટા ઝીંઝુડામાં દયાહીન માતાએ નવજાત બાળક ત્યજી દેતા કુતરાઓએ ફાડી ખાધુ

### પોતાનું પાપ છુપાવવા માટે બાળકને ત્યજી દેનાર માતા પિતાની શોધ ખોળ શરૂ કરતી પોલીસ

અમરેલી,સાવરકુંડલા તાલુકાનાં મોટા ઝીંઝુડા ગામની સીમ વિસ્તારમાં કોઈ સ્ત્રીએ પોતાનું પાપ છુપાવવા માટે તાજા જન્મેલા બાળકને ત્યજી દેતા બાળકને કુતરાએ ફાડી ખાતા મૃત બાળકનો પોલીસે કબ્જો લઈ દવાખાને પીએમ માટે મોકલી આપેલ અને માતા પિતાની શોધખોળ પોલીસે શરૂ કરી છે. આ બનાવની તપાસ હે.કોન્સ.એચ.પી.વેગડા ચલાવી રહ્યાં છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૩,૬૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪-૦૫-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.








અમરેલીનું નંબર વન
દિકરીઓ માટે સ્કૂલ, હોસ્ટેલ ફી માત્ર 50%
નિત્યમ વિદ્યા સંકુલ
તે વહેલા તે પહેલા
એડમિશન ઓપન
બાલમંદિરથી ધોરણ - ૧૨ (સાયન્સ, કોમર્સ, આર્ટસ)
ગુજરાતી / ઇંગ્લીશ મિડીયમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ
લાઠી રોડ, સહજ સિટી, અમરેલી મો.૯૯૨૫૪ ૫૧૧૫૧













## પ્રાર્થનાસભા / ઉઠમણું



સ્વ.હર્ષાબેન કિશોરભાઇ ખીરૈયા (ઉ.વ.૬૬) તે કિશોરભાઇ ગોરધનદાસ ખીરૈયા (દેવળીયાવાળા) ના ધર્મપત્ની તેમજ અલકેશભાઇ, જતીનભાઇ, રોહિતભાઇના માતુશ્રી તે રમેશચંદ્ર મગનલાલ વિઠલાણી, દિલીપભાઇ મગનલાલ વિઠલાણી રાજકોટ (દ્રોણવાળા) ના મોટાબહેનનું તા.૨૩-૫-૨૪ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ.હર્ષાબેન કિશોરભાઇ ખીરૈયા (ઉ.વ.૬૬) સ્વ.તા.૨૩-૫-૨૪

સદગતની પ્રાર્થનાસભા / ઉઠમણું
તા.૨૫-૫-૨૦૨૪, શનિવાર, સાંજે ૪:૦૦ થી ૬:૦૦
સ્થળ : લોહાણા મહાજન વાડી, લાઠી રોડ, અમરેલી
પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે

લી.કિશોરભાઇ ગોરધનભાઇ ખીરૈયા - અલકેશભાઇ કિશોરભાઇ ખીરૈયા
જતિનભાઇ કિશોરભાઇ ખીરૈયા - ૯૯૯૮૭ ૫૯૪૫૫
રોહિતભાઇ કિશોરભાઇ ખીરૈયા - ૯૪૨૮૭ ૦૭૨૨૭, ૭૦૪૧૧ ૬૬૧૬૬
યશ જતિનભાઇ ખીરૈયા - શનિ જતિનભાઇ ખીરૈયા - કુહુ રોહિતભાઇ ખીરૈયા
ખીરૈયા પરિવારના જયશ્રી કૃષ્ણ





















### લાઠી નગરપાલિકાની ઢોર બેદરકારી સામે આવી : દુષિત પાણીને કારણે

# લાઠીના વણકરવાસ વિસ્તારમાં રોગચાળો ફેલાવવાની શક્યતા

**શહેરની અંદર આવેલા વણકર વાર વિસ્તારમાં પાણીની રેલમ છેલમ શેરીઓમાં જોવા મળે છે ખાસ કરીને સફાઈનો અભાવ : પાલિકા દ્વારા કામગીરીને લઈને અનેક સવાલો**

**લોકો દ્વારા અવાર નવાર નગરપાલિકાના જે કર્મચારીઓ છે તેમને રજૂઆત કરી હતી, ગટરનું જે દૂષિત પાણી છે તે આજે રસ્તા ઉપર જોવા મળી રહ્યું છે**



લાઠી, (વિશાલ ડોડીયા) અમરેલી જિલ્લાનું એક એવું ગામ કે જ્યાં કવિ કલાપીના ગામ તરીકે જાણીતું એવું લાઠી ગામની દુરદર્શન જોઈને લોકો પણ કે લાઠી નગરપાલિકાની દુરદર્શન હાલમાં લાઠી નગરપાલિકામાં સરકારી તંત્રનું શાસન હોય અને જેને લઈને લાઠીની અલગ અલગ વિસ્તારોની અંદર સફાઈ વ્યવસ્થા ની વાત કરીએ તો સફાઈ વ્યવસ્થા જીરો હોય તેવું બતાવી રહ્યું છે ત્યારે આવો જ એક કિસ્સો જોઈએ તો બાકી શહેરની અંદર આવેલા વણકર વાર વિસ્તારમાં પાણીની રેલમ સેલમ શેરીઓમાં જોવા મળે છે ખાસ કરીને સફાઈનો અભાવ અને નગરપાલિકા દ્વારા જે કરવામાં આવતી કામગીરીને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે ત્યારે આ સીધા દ્રશ્યો તમને લાઠીના વણકરવાસના હું બતાવવા જઈ રહ્યો છું જેમાં વણકરવાસની અંદર જે દૂષિત પાણી છે તે આજે રોડ રસ્તા છે તેની ઉપર વહી રહ્યું છે જેને લઈને અનેક રોગચાળો ફેલાવવાની શક્યતાઓ પણ જોવા મળી રહી છે ત્યારે બીજી તરફ જોઈએ તો આ વિસ્તારના લોકો દ્વારા અવારનવાર નગરપાલિકાના જે કર્મચારીઓ છે તેમને રજૂઆત કરી હતી જેને લઈને હજી સુધી કોઈ પણ જાતનું કામકાજ ન થયો હોવાને કારણે આજે ગટરનું જે દૂષિત પાણી છે તે આજે રસ્તા ઉપર જોવા મળી રહ્યું છે ત્યારે સવાલ એ થાય છે કે શું ભાજપ સરકાર છે તે હાલમાં સ્વચ્છતાની વાતો કરી રહી છે ત્યારે આ દ્રશ્યો જોઈને એમ લાગે કે ખાલી વાતો છે તે માત્ર કાગળ ઉપર જ હોય તેવું જોવા મળી રહ્યું છે

### ઔદિચ્ય સહસ્ત્ર ચીભડીયા બ્રહ્મસમાજ અને દાળેશ્વર સેવા સમાજ ના સંયુક્ત ઉપક્રમે

# અમદાવાદ ખાતે જ્ઞાતિ મહા સંમેલન, સમૂહ લગ્ન જીવનસાથી પસંદગી, સમૂહ યજ્ઞોપવિતનું આયોજન

**દેશ વિદેશ થી જ્ઞાતિ બંધુઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે : સમાજ ના મહા સંમેલન સાથે સમગ્ર કાર્યક્રમ ને દીપાવશે**

અમરેલી,(ડેસ્કરિપોર્ટર) ઔદિચ્ય સહસ્ત્ર ચીભડીયા બ્રહ્મસમાજ અને દાળેશ્વર સેવા સમાજ ના સંયુકત ઉપક્રમે અમદાવાદ ખાતે ત્રિવિધ કાર્યક્રમ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે જેમાં દેશ વિદેશ થી જ્ઞાતિ બંધુઓ વિશાલ સંખ્યામાં ઉપસ્થિત રહી સમાજ ના મહા સંમેલન સાથે સમગ્ર કાર્યક્રમ ને દીપાવશે.

અમદાવાદ ના આંગણે આગામી તા.૧૫ અને ૧૬ જૂન ના રોજ ઔદિચ્ય સહસ્ત્ર ચીભડીયા બ્રહ્મસમાજ ટ્રસ્ટ અને શ્રી દાળેશ્વર સેવા સમાજ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે જ્ઞાતિ મહા સંમેલન સાથે સમૂહ લગ્ન જીવનસાથી પસંદગી તેમજ સમૂહ યજ્ઞપવિત નો ત્રિવિધ કાર્યક્રમ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.ત્રિવિધ કાર્યક્રમ સાથે સામાન્ય સભાનું પણ આયોજન કરવામાં આવેલ છે.જેમાં દેશ વિદેશ થી સમાજ શ્રેષ્ઠીઓ ખાસ ઉપસ્થિત રહેશે.મહા સંમેલન ને સફળ બનાવવા સમાજના તમામ કાર્યકરો જહેમત ઉઠાવી રહેલ છે.

### અનેરી સેવાને ધ્યાને લઇ અને

# અમરેલીના રાજયવેરા કલાર્ક શ્રી અલ્પેશ જોષીને નિરીક્ષક તરીકે બઢતી અપાઇ

**શ્રી જોષીની રાજ્યવેરા નીરિક્ષક તરીકે નિમણુંક થતા અનેરા આનંદની લાગણી છવાઇ**



અમરેલી,(ડેસ્કરિપોર્ટર), અમરેલી સહાયક રાજ્યવેરા કમિશનર કચેરીમા ફરજ બજાવતા કલાર્ક ની અનેરી સેવાને ધ્યાને લઈ ફરજના ટૂંકા ગાળામા રાજ્યવેરા નિરીક્ષક તરીકે બઢતી સાથે રાજકોટ ખાતે બદલી થતા પરિવાર મિત્ર વર્તુળમાં ભારે હર્ષ ની લાગણી છવાયેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ સમાજ સેવા સાથે સરકાર ની સેવા કરી ભારે લોક ચાહના મેળવનાર શ્રી અલ્પેશ કિશોરભાઈ જોશી અમરેલી ની સહાયક રાજ્યવેરા કમિશનર કચેરીમા સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે.તેઓની સેવાને ધ્યાને લઈ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ પ્રમોશનમાં તેઓને પણ બઢતી સાથે બદલી મળેલ હતી.અને બઢતી સાથે રાજકોટ ખાતે નાયબ રાજ્યવેરા કમિશનર કચેરી વર્તુળ ૨૩ ખાતે રાજ્યવેરા નીરિક્ષક તરીકે નિમણુંક પામતા અનેરા આનંદ ની લાગણી છવાયેલ હતી.

### બગસરા માહી વિવાહ ગ્રુપ દ્વારા

# બગસરાની ત્રણ ટિમ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેશે

**ગીર ક્રિકેટ એસોસિએશન વિરપુર (તાલાલા)નું આયોજન**

બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરા માહી વિવાહ ગ્રુપ દ્વારા બગસરાની સૌપ્રથમવાર આઈ.પી એલ.જેવી ત્રણ ટિમ ક્રિકેટ ટુર્નામેન્ટમાં તા.૨૫/૫થી ગીર ક્રિકેટ એસોસિએશનવિરપુર (તાલાલ) ખાતે આયોજન કરવામાં આવેલછે.

જેમાં આઈ.પી.એલ.ની જેમજ બગસરા સૌરાષ્ટ્ર મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરિયાએ સૌરાષ્ટ્ર કિંગ ઈલેવન તેમજ બગસરા પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને પાલિકા સદસ્ય રાજુભાઈ ગીડાએ સૂર્યા સ્તાઈકર ઈલેવન તેમજ માહી વિવાહ કલેકસન દ્વારા માહી એવેરેનગર ઈલેવન ટિમ આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે

# બગસરામાં જુના રૂટ શરૂ કરવા અને નવા રૂટ આપવા ડેપો મેનેજરને રજુઆત કરાઇ

**બસ પ્રશ્ને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા રજુઆત**

બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આજરોજ બગસરા એસ.ટી.ડેપો મેનેજર ને રૂબરૂ મુલાકાત કરી લોકો દ્વારા ઉઠેલી ફરિયાદો ને વાંચા આપ બગસરા ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ દિનેશ હડિયલ મંત્રી નિલેશ દેશાણી કા.સભ્ય ભરતભાઈ ભાલાળા રાહુલ રૂપડા વિપુલ પંડ્યા જયસુખભાઈ ઘાડિયા સહિત ના ચેમ્બર ના સભ્યો મળ્યા હતા અને બગસરા ડેપો મેનેજર સાથે બેઠક કરી નવા રૂટો તેમજ નવી રૂટ ની બસ ચાલુ કરવામાં આવે તેમાં બગસરા માતાના મઢ કચ્છ, બગસરા દ્વારકા બગસરા સોમનાથ બગસરા બગસરા ગાંધીનગર બગસરા પાવાગઢ તેમજ અન્ય બસોના પણ રૂટ ચાલુ થાય તેવી પણ માંગણી મુકવામાં આવેલી તેમજ ડેપો મેનેજર એ બાંહેધરી આપી કે આ રૂટો ઝડપ થી શરૂ કરવા માં આવશે અને જૂના રૂટો બંધ થયા હોય તે અંગે પણ ચર્ચા કરી તુરંત ઘટતું કરી શરૂ કરવા આગ્રહ રાખ્યો વધુ ને વધુ મુસાફરો લાભ લઈ શકે અને વધુ સુવિધા મળી રહે તેમ પ્રયત્નશીલ રહશે તેમ ડેપો મેનેજર નિમિષાબેન ગઢવી આશ્વાશન આપેલ હતુ.

### વાહન ચાલકોની આંખો અને સ્વાસ્થ્યના ચેકઅપ માટે

# અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા તથા દ્વારા પીપાવાવ પોર્ટ ખાતે મેડીકલ કેમ્પ યોજાયો

**ડ્રાઇવરોને જિલ્લા ટ્રાફિક પો.સ.ઇ. વી.વી.ગોહિલ તથા આરટીઓ ઇન્સ્પેક્ટર એમ. વી. શાહ દ્વારા જાણકારી**



અમરેલી, ભાવનગર રેન્જ આઇ.જી. ગૌતમ પરમારએ વાહન અકસ્માતો ઉપર અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે રેન્જ હેઠળના જિલ્લાઓમાં અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય,અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના એ પી એમ સી ટર્મિનલ પોર્ટ ખાતે અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા તથા આરટીઓ કચેરી અમરેલી દ્વારા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ તથા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ મેડીકલ કેમ્પની શરૂઆતમાં એપીએમસી ટર્મિનલ પીપાવાવ પોર્ટના ક્લબ હાઉસ ખાતે ડ્રાઈવરોને અમરેલી જિલ્લા ટ્રાફિક પો.સ.ઈ. વી.વી.ગોહિલ તથા આરટીઓ ઈન્સ્પેક્ટર એમ. વી. શાહ દ્વારા ટ્રાફિકના નિયમો અંગે જાણકારી આપવામાં અને માર્ગ સુરક્ષા માટે કયા કયા નિયમો અને કાયદાનું પાલન કરવાનું છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યાર બાદ પીપાવાવ પોર્ટની મેડીકલ ટીમ દ્વારા ડ્રાઈવરોની આંખો તથા બ્લડ પ્રેશર સહિતનું મેડીકલ ચેકઅપ કરવામાં આવેલ અને જરૂરી સારવાર સુચવવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના વાહનો ચલાવતા ડ્રાઈવરોએ બહોળી સંખ્યામાં આ મેડીકલ લાભ લઈ, ચેકઅપ કરાવેલ હતું.

# જૂનમાં મેલેરીયા વિરોધી માસ, જુલાઈમાં ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવણી કરાશે

અમરેલી, સમગ્ર જિલ્લામાં જૂન-૨૦૨૪ મેલેરીયા વિરોધી માસ અને જુલાઈ-૨૦૨૪ ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવશે. મચ્છર ઉત્પતિ સ્થાનોને નિયંત્રિત કરીને ડેન્ગ્યુ, ચિકનગુનીયાનો ફેલાવો અટકાવી શકાય છે. અમરેલી જિલ્લા આરોગ્ય શાખા દ્વારા આગામી ચોમાસાની શરુઆતમાં મચ્છરથી થતા મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગને ફેલાતો અટકાવવા માટે આગોતરા આયોજન સાથે કામગીરી કરવામાં આવશે.

# બગસરામાં ટીટોડીએ ૫૦ ફૂટ ઉપર ઈંડા મૂક્યા



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) વર્ષો પુરાણ ની રીત માં પશુ પક્ષીઓ ના વર્તનને આધારે પણ વરસાદનો અનુમાન કરવામાં આવતો હતો. જેમાં ટીટોડી ત્યાં ઈંડા મૂકે છે તેના પરથી ખેડૂતો આગામી વર્ષનું અનુમાન કરતા હતા. બગસરામાં એક ટીટોડીએ નદીના તળથી ૫૦ ફૂટ જેટલી ઊંચાઈએ ઈંડા છે જેથી અનેક લોકો માં કૌતુક સર્જાયું છે

# ચલાલાનાં વરિષ્ઠ પત્રકાર પ્રકાશ કારીયાનાં મામીનું નિધન : શોક

**૨૫મીએ પ્રાર્થના સભા અને સાદડી : શ્રદ્ધાસુમન અર્પણ**



ચલાલા,ચલાલાનાં વરિષ્ઠ પત્રકાર અને અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સનાં મંત્રી તથા અમરેલી જિલ્લા રઘુવીર સેનાના ઉપપ્રમુખ અને સામાજીક અગ્રણી પ્રકાશભાઈ કારીયાનાં મામીશ્રી હર્ષાબેન કિશોરભાઈ ખીરૈયા ઉ.વ.૬૬નું દુઃખદ નિધન તા.૨૩નાં રોજ અમરેલી ખાતે થતા સમસ્ત રઘુવંશી સમાજ સહિત ખીરૈયા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. સદગત હર્ષાબેન માયાળુ, હસમુખા અને પરોપકાર સ્વભાવના અને ધર્મપારાયણ તથા સત્સંગી હતાં. કોઈ પણ પ્રકારની બિમારી નહીં હોવા છતા તા.૨૩ સવારે ૯ કલાકે એકાએક જોરદાર હાર્ટએટેક આવી જતા તેઓનું અવસાન થયું હતું. સદગત હર્ષાબેને પોતાના મોટા દિકરા અલ્પેશભાઈ (ઉ.વ.૪૫) જન્મથી સાવ અપંગ હોય ત્યારે સદગત હર્ષાબેન પોતાના છેલ્લા શ્વાસ સુધી પોતાના મોજ શોખ બાજુ પર પડતા મુકી અપંગ પુત્ર અલ્કેશભાઈની અકલ્પનીય અદ્દભુત સેવા કરી ઉત્તમ માતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. સદગત હર્ષાબેન ઓચિંતા પોતાનાં વ્હાલસોયા પરિવારને છોડીને જતા રહેતા ખીરૈયા પરિવારમાં ભારે કલ્પાંત થવા પામ્યું હતું. સદગત હર્ષાબેનનાં નિવાસ સ્થાનેથી તા.૨૩ સાંજનાં ૫:૩૦ કલાકે નિકળેલી સ્મશાન યાત્રામાં રઘુવંશી સમાજ સહિત દેવળીયા ગામનાં આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતાં અને ખીરૈયા પરિવારનાં દુઃખમાં સહભાગી બની સાંત્વના પાઠવી હતી. સદગત હર્ષાબેન પોતાના પતિશ્રી કિશોરભાઇ, પુત્રો શ્રી અલ્કેશભાઇ, શ્રી જતીનભાઇ, શ્રી રહિતભાઈ અને પૌત્ર યશ, સની અને પૌત્રી કુહુને છોડીને જતા રહ્યાં છે. સદગતનું ઉઠમણું અને પ્રાર્થનાસભા તેમજ પિયર પક્ષની સાદડી તા.૨૫ શનિવારે સાંજનાં ૪ થી ૬ લોહાણા મહાજન વાડી અમરેલી રાખેલ છે.

### ખાંભા પીએસઆઇશ્રી હડીયા દ્વારા તપાસનો ધમધમાટ

# ખાંભા નજીક ફાયરીંગની ઘટનામાં ચારેય આરોપીઓને કોર્ટમાં રજુ કરાતા ચાર દિવસનાં રિમાન્ડ મંજુર કરાયાં

**નામચીન શખ્સ ઉપર પિસ્તોલ અને તમંચાથી ફાયરિંગ કરનાર ચારેયની પુછપરછ**

અમરેલી,ખાંભાનાં ચતુરી અને પીપળવા વચ્ચે બનેલી ફાયરિંગની ઘટનામાં પીએસઆઈ કે.પી.હડીયા અને પોલીસે ચારેય આરોપીઓને ઝડપી લઈ કોર્ટમાં રજુ કરતા મયુર ભાભલુભાઈ વરૂ, પહુ વરૂ, હરેશ ભાભલુભાઈ વરૂ, સંજય વરૂને કોર્ટે સોમવાર બપોર સુધી રિમાન્ડ મંજુર કર્યા હતાં.

### પહેલા પાનાનું
### પાણીનો વધુ જથ્થો

ગામડાઓમાં નર્મદાનું પાણી પહોંચે છે અને બાકીના ગામોમાં મહી યોજનાનું પાણી આપવામાં આવે છે જે પુરતુ હતુ પણ નર્મદાનું પાણી ઘટતુ હોય ચાવંડથી કુંડલા-લીલીયાને દૈનિક મળતું ૨૨ એમએલડી નર્મદાનું પાણી શ્રી કસવાળાએ કરેલી રજુઆતને પગલે ૨૪ કલાકમાં ૨૮ એમએલડી કરી દેવાયું છે. અને પુરતુ પાણી મળતા સમગ્ર વિસ્તારમાં આનંદ છવાયો છે.

# ડોળાસામાં પૂ. જલારામબાપાની શોભાયાત્રા યોજાઇ



ઉના, (નિરવ ગઢીયા) કોડીનાર તાલુકાના ડોળાસા ગામે પુજ્ય જલારામ બાપા ની કથા નિમિતે યોજાયેલી 'પોથી શોભાયાત્રા' યોજાઈ હતી.જેમાં માનવ મહેરમ ઉમટયો હતો. બાદ કથા નો પ્રારંભ થયો હતો.કોડીનાર ડોળાસા ગામે સમસ્ત લોહાણા સમાજ અને સમસ્ત ડોળાસા ગામ ના સહિયોગ થી ' પુજ્ય જલારામ બાપા ની ગુણ ગાથા નો પ્રારંભ થયો છે.આ પૂર્વે વિશાળ પોથી શોભાયાત્રા યોજાઈ હતી.જે બપોર બાદ ચાર વાગ્યે જલારામ મંદિરે થી નીકળી હતી.જે ગામ ના મુખ્ય માર્ગો પર થી પસાર હતી..જેમાં કથા ના વક્તા શ્રી માધવ પ્રસદજી પણ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત ડોળાસા ગામ ના અનેક અગ્રણીઓ..,, લોહાણા સમાજ ના અગ્રણીઓ સહિત વિશાળ શોભાયાત્રા માં માનવ મહેરામણ ઉમટયો હતો. જલારામ બાપા ની કથા આગામી તા.૨૮/૫/૨૪ સુધી યોજાશે...દર રોજ રાત્રે બાપા ની આરતી બાદ મહાપ્રસાદ યોજાશે.જલારામ બાપા ના ભકતો ને કથા શ્રવણ પ્રસાદ માટે ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવા માં આવ્યું છે.

# ગુજરાત બોર્ડમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પાસ થવાની તક

(જી.એન.એસ) ગાંધીનગર, ગુજરાત રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડની પુરક પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી હતી. જેમાં ૨૪ જૂનથી ધોરણ.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાઓ શરૂ થશે. જ્યારે ધોરણ.૧૨ના તમામ પ્રવાહોની પૂરક પરીક્ષા પણ ૨૪ જૂન થી શરૂ થશે. ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડની પુરક પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી હતી. જેમાં ૨૪ જૂનથી ધોરણ.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાઓ શરૂ થશે. જ્યારે ધોરણ.૧૨ના તમામ પ્રવાહોની પૂરક પરીક્ષા પણ ૨૪ જૂન થી શરૂ થશે. હવે વિષયવાર પરીક્ષાની તારીખો બોર્ડ દ્વારા ટુંક સમયમાં જાહેર કરાશે. જે વિદ્યાર્થીઓએ ધોરણ.૧૦ અને ૧૨માની પરીક્ષામાં નાપાસ થયા છે તેમના માટે ખુબ જ ખુશીના સમાચાર મળ્યા છે. ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં ૩૨ હજાર ૭૪૦ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા, જ્યારે ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં ૨૫,૬૨૮ ફોર્મ ભરાયા હતા. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮,૪૪૭ ફોર્મ ભરાયા હતા. આમ કુલ ૬૭,૧૧૫ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦-૧૨ની પૂરક પરીક્ષા આપશે.


**અમરેલીમાં પ્લોટ વેચવાનો છે**
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X 33 ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"**
ઉધઇ થી બચો
ઉધઇ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઇ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

ચિત્તલ રોડ ઉપર શ્રી રંગ સોસાયટીમાં ૧॥ વસાનો બંગલો કોર્નરનો કસમાં વેચવાનો છે.
(જ્ઞાતિ બાધ નથી)
જીલ્લા પંચાયત સામે રોડ ટચ દુકાન ભાડે આપવાની છે.
જિલ્લા પંચાયત સામે ફર્સ્ટ ફ્લોર ઉપર દુકાન કસમાં વેચવાની છે.
સાંઈ સદ્ગુરૂ એસ્ટેટ બ્રોકર પ્રભુદાસ તલાટી ૯૪૨૮૭ ૦૯૯૯૩
વ્હાઈટ હાઉસ, એસ.ટી. ડેપો સામે, અમરેલી. સમય: સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક
**શ્રી નિવાસ ડાઇનિંગ હોલ**
નું જમવાનું તો ભાઇ.. ભાઇ..
ફુલ ગુજરાતી થાળી
સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર
સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
**શ્રી ખોડિયાર સ્ટુડિયો**
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

## રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા દ્વારા પ્રચાર

# પશ્ચિમ બંગાળમાં શ્રી રૂપાલાનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર

**વિવિધ વિસ્તારોમાં લોકસંપર્ક, પદયાત્રા, રોડ-શો, બુથ બેઠક, કાર્યકર્તાઓ સાથે જેવા ચૂંટણીલક્ષી કાર્યક્રમોમાં ભાજપના ઉમેદવાર તરફી પ્રચાર-પ્રસાર કાર્યને વેગવંતુ બનાવતા શ્રી રૂપાલા**

**ભાજપાનો સંકલ્પ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ગેરંટીથી દેશ આગામી વર્ષોમાં વિકાસની ભરશે : શ્રી પરશોતમભાઈ રૂપાલા : ભાજપની સભામાં વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિ**









રાજકોટ,

કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારક તરીકે પશ્ચિમ ચૂંટણી લક્ષી કામગીરીમાં પ્રચાર-પ્રસારની કમાન સંભાળી રહયા છે અને ભાજપના ઉમેદવારના ચૂંટણી પ્રચારાર્થે વિવિધ વિસ્તારોમાં લોકસંપર્ક, જુથબેઠક, બુથ બેઠક, પદયાત્રા, કાર્યકર્તાઓ સાથે સવાંદ, ધાર્મિક મુલાકાત જેવી ચૂંટણીલક્ષી કામગીરીમાં વ્યસ્ત છે.

ત્યારે આ ચૂંટણી પ્રવાસ દરમિયાન રૂપાલાજીએ કલકત્તામાં રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મીશનની મુલાકાત વખતે સંસ્થાના પ્રમુખ રામકૃષ્ણનાથ તથા સ્વામી ગૌતમાનંદન મહારાજ, જનરલ સેક્રેટરી સ્વામી સુરવીરનાનંદ વગેરેની સૌજન્ય મુલાકાત લીધી હતી.

તેમજ પ. બંગાળના કલમપક સંસદીય મતવિસ્તારમાં બજકુલ બસસ્ટોપ વિસ્તારમાં રોડ-શોના કાર્યક્રમમાં આપી હતી. તેમની સાથે ખાંતીના ધારાસભ્ય અરુપકુમાર દાસ અને ભાજપના અન્ય કાર્યકર્તાઓ જોડાયા હતા.

તેમજ રૂપાલાજી ધ્વારા કાંધી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સૌમેન્દુ અધિકારીના ખેજુરી વિધાનસભા અંતર્ગત અલીપુર બાજારમાં એક જાહેરસભાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં માછીમાર ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહયા હતા. આ

જાહેરસભામાં ભાજપના પ્રદેશ સચિવ કલસ્ટર પ્રભારી ઉમેશ રાય, ખેજુરીના ધારાસભ્ય તથા જિલ્લા મહામંત્રી શાંતનુ પ્રમાણીક, મત્સ્ય સેલના પ્રદેશ સંયોજક પલાશ રાણા સહિતના ઉપસ્થિત રહયા હતા.

આ તકે પરશોતમભાઈ જણાવેલ કે છેલ્લા દશ વર્ષમાં દેશએ સર્વાંગિ વિકાસ હાંસલ કર્યો છે. ભાજપાનો સંકલ્પ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ગેરંટી થી દેશ વિકાસ તરફ અગ્રેસર થશે દેશ વિશ્વની ત્રીજી ઈકોનોમી બનશે ત્યારે છેલ્લા દશ વર્ષમાં આયુષ્યમાન ભારત હેઠળ ૩૪ કરોડ કરતા વધુ નાગરિકોને ૫ લાખ સુધીની મફત સારવાર મળી છે, કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવ્યા બાદ આતંકવાદી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને પ્રગતિના ધ્વારા ખુલ્યા છે. કટોકટીની સ્થિતિમાં વિવિધ ૧.૫૪ કરોડ નાગરિકોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત લાવવામાં આવ્યા. તેમજ ગરીબો, યુવા, મહિલા, ખેડુતો ના કલ્યાણ માટે વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો અમલ કરી તેમનો વિકાસ સુનિશ્ચિત આવ્યો છે, ત્યારે દેશવાસીઓના સપના આપણી જવાબદારી છે, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા આવો સૌ સાથે મળીને એવો દેશ બનાવીએ જેના માટે આપણી ભાવી ગૌરવ લઈ શકે. ત્યારે આ લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને ભવ્ય લીડથી વિજેતા બનાવીએ અને ભારતીય જનતા પાર્ટીને દેશના વડાપ્રધાન તરીકે સતત ત્રીજી વખત નરેન્દ્રભાઈ આરૂઢ કરીએ. તે માટે સંકલ્પબધ્ધ થવા આહવાન કરેલ હતું.

આ ઉપરાંત પરશોતમભાઈ રૂપાલાએ મથુરાપુરા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અશોક પુરક્તિ સાથે નામખાતા ખાતે જાહેરસભામાં આપી હતી. આ તકે જિલ્લા ભાજપના પ્રમુખ નબેન્દુ સુંદર નાસ્કર, મંત્રી એસ.નાયક ઉપસ્થિત રહયા હતા.

# સમગ્ર ગુજરાતની કોચિંગ સંસ્થાઓ આગામી ૫ દિવસો સુધી બપોરે ૧૨ થી ૪ શિક્ષણ કાર્ય બંધ રાખશે

**ફેડરેશન ઓફ એકેડમીક એસોસીએશન ગુજરાતે કરેલી ચર્ચા બાદ નિર્ણય**

અમરેલી,

ગુજરાતમાં ઉનાળાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું છેલ્લા કેટલાક દિવસથી ગરમીએ સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવી દીધો છે. આકાશમાંથી આગળની જ્વાળાઓ વરસી રહી છે. ત્યારે અસહ્ય ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગુજરાતમાં ગરમી ૪૫ ડિગ્રીએ પહોંચી ગઈ છે. આગામી પાંચ દિવસો માટે હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. સાથે કામ વગર બહાર ન નીકળવાની સલાહ પણ આવી છે. હવામાન વિભાગ પ્રમાણે આગામી પાંચ દિવસ માટે ગુજરાતમાં ભારે ગરમી પડવાની છે. મોટાભાગના વિસ્તારોમાં હીટવેવની આગાહી પણ કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતના કચ્છ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, પોરબંદર, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, અમરેલી અને કચ્છ વિસ્તારોમાં હીટવેવની આગાહી છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, આણંદ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, સુરત અને વલસાડમાં પણ હીટવેવની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં હવામાન વિભાગે એલર્ટ જાહેર કરવાની સાથે બપોરના સમયે કામ વગર ઘરમાંથી બહાર નીકળવાનું ટાળવાનું સૂચન પણ કર્યું છે.

સમાજ પ્રત્યેની નૈતિક જવાબદારી સમજીને ફેડરેશન ઓફ એકેડમીક એસોસિએશન ગુજરાતે ઘટકસંઘો અને કોર કમિટી સાથે ઘનિષ્ટ ચર્ચા કરીને સમગ્ર ગુજરાતની કોચિંગ સંસ્થાઓએ આવનારા ૫ દિવસો દરમિયાન બપોરે ૧૨ થી ૪ શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરેલ છે. તેમ હેમાંગ મહિતપરામ રાવલ પ્રમુખ, ફેડરેશન ઓફ એકેડેમીક એસોસિએશન - ગુજરાત મો.૯૮૯૮૨૩૩૦૩૮, વિશાલ પંડ્યા મહામંત્રી, ફેડરેશન ઓફ એકેડેમીક એસોસિએશન - ગુજરાત, દિલીપસિંહ ગોહિલ ડેપ્યુટી પ્રેસિડન્ટ, ફેડરેશન ઓફ એકેડેમીક એસોસિએશન - ગુજરાત દ્વારા જણાવાયું છે.

# અગમચેતી એ જ સલામતી : હિટવેવથી બચવા માટે માર્ગદર્શિકાનું પાલન કરવા અનુરોધ

**બને એટલું વધારે પાણી પીવું, તાજા ફળોનું સેવન કરવું : સાદા સુતરાઉ કપડાં પહેરવા : સીધો સૂર્ય પ્રકાશ હોય ત્યારે બહાર જવાનું ટાળો**

અમરેલી,

ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુ લાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો હોય છે. અમરેલીની જાહેર જનતાને હિટવેવના સમયે કેટલીક બાબતોનું પાલન કરી ગરમીથી બચવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. શું કરવું : સવારે ૧૧ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી ઘરમાં અથવા છાંયડામાં રહેવું. બને એટલું વધારે પાણી પીવું, તાજા ફળોનું સેવન કરવું, સાદા સુતરાઉ કપડાં પહેરવા, સીધા સૂર્ય પ્રકાશમાં બહાર જવાનું ટાળો, છાંયામાં રહો, પ્રાણીઓ અને પક્ષીઓ માટે પીવાના પાણી વ્યવસ્થા કરો તેમજ બે-ત્રણ દિવસે પક્ષીકુંજ સાફ કરો, જો કોઈને હીટસ્ટ્રોક થાય તો સૌપ્રથમ આઈસપેક અથવા ઠંડાપાણીથી શરીરનું તાપમાન સામાન્ય કરી તાત્કાલિક હોસ્પિટલ લઈ જાઓ, ઘરમાં ઈલેક્ટ્રોલાઈટ્સ (મીઠું અને ખાંડવાળું પાણી) રાખો, વધુ પાણીનું સેવન કરો.

શું ના કરવું : બપોરે ગરમીના સમયે બહાર જવાનું ટાળવું, બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક, બરફ ખાવાનું ટાળવું, કન્સ્ટ્રક્શન સાઈટ કે કામ પર જવાનું ટાળવું, આલ્કોહોલ, ચા-કોફી અને વધારે ખાંડ વાળા અને ઠંડા પાણીને ટાળો, નાના બાળકો, સગર્ભા અને વૃદ્ધોએ તડકામાં બહાર ન જવું, ઉઘાડા પગે ન ચાલવું.

લુ લાગવાના (હીટસ્ટ્રોક) લક્ષણો : જો કોઈ વ્યક્તિને લુ લાગી હોય તો તેના કેટલાક લક્ષણો છે જેનું ધ્યાન રાખવું અનિવાર્ય છે. ગરમ, લાલાશ અને શુષ્ક ત્વચા, માથાનો દુ:ખાવો, શ્વાસોશ્વાસ અને હ્યદયના ધબકારા વધી જવા, શરીરનું તાપમાન ૪૦.૫ સેલ્સિયસ અથવા ૧૦૫ ડિગ્રી ફેરનહીટ થઈ જવું ઉબકા અને ઉલટી થવી, સ્નાયુની નબળાઈ અથવા ખેંચતાણ થવી વગેરે લુ લાગવાના લક્ષણો છે.

લુ લાગવાના લક્ષણો જણાય તો શું કરવું : લુ લાગવાની સ્થિતિમાં સ્નાન લો, ઠંડી જગ્યાએ જવું. આરામ કરો, વધુ પાણી પીવું. ડોક્ટરની મુલાકાત લો અથવા કોલ કરી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવો. માથાનો દુ:ખાવો બેચેની, ચક્કર, ઊબકા કે તાવ આવે તો તરત જ નજીકના દવાખાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરની સલાહ સારવાર લેવી. લક્ષણો વધારે ગંભીર થાય તો સ્નાયુનું ખેંચાણ એક કલાકથી વધુ ચાલે છે. બેભાન થવાની સ્થિતિ સર્જાય છે. ગરમીની સ્થિતિમાં સાવચેત રહેવા અને તકેદારીના પગલા ભરવા માટે અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રના મામલતદારશ્રીએ એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યું છે.

## અવસાન નોંધ

ચલાલા

કંચનબેન જગદીશભાઈ વડેરા (ચલાલા) તે જગદીશભાઈ બંસીલાલ વડેરાનાં ધર્મપત્નિ તેમજ વિપુલભાઈ/શિતલબેન/જલ્પાબેનનાં માતુશ્રી તેમજ જયંતિભાઈ લક્ષ્મીચંદ મોરઝરીયા (જાંબુળા) નાં દિકરીનું અવસાન તા.૨૪-૫-૨૦૨૪ને શુક્રવારનાં રોજ મીઠાપુર (ડુંગરી) થયેલ છે. સદગતનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તા.૨૭-૫-૨૪ને સોમવારનાં જુની નગરપાલિકા સામે લોહાણા મહાજન વાડીમાં રાખેલ છે.

## ગાંધીબાગ અમરેલી ખાતે યોગ માટે પ્રસિદ્ધ બન્યું થડિયું


# અમરેલીમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીનાં આહવાનને સાર્થક કરતા શ્રી નિતીન ત્રિવેદી અને શ્રી નિતીનભાઇ રાજપરા

**અમરેલીનાં બીએપીએસ સંચાલિત ગાંધીબાગમાં વૃક્ષનાં કપાયેલા થડ ઉપર યોગના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ આસનો સાથેની તસવીરો સોશ્યલ મિડીયામાં પોસ્ટ કરવામાં આવી**










અમરેલી,

હાલમાં ગાંધીબાગ અમરેલી ખાતે યોગના તજજ્ઞ શ્રી સાગર મહેતા દ્વારા યોગ શિબિર તેમજ વિવિધ યોગ લક્ષી કાર્યક્રમો થઈ રહ્યા છે ત્યારે ગાંધીબાગ અમરેલી ખાતે આવેલું વૃક્ષ ના થડિયા પર યોગ ના વિવિધ આસનો પ્રચલિત થયા છે. ઉલ્લેખનીય છે કે તાજેતર માં જ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આ થડિયા પર લીધેલ સાગર મહેતા ના આસન નો ફોટો તેમના ઓફિસિયલ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલ ત્યારબાદ અમરેલી શહેર ના લોકો દ્વારા યોગ જાગૃતિ માટે આ થડિયા પર ફોટો પાડવામાં આવી રહ્યા છે. યોગને વિશ્વ વ્યાપી બનાવવાનાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં અભિયાન અને આહવાનને અમરેલીનાં બંને નિતીનભાઈએ જીવનમાં ઉતારી તેમા ઓતપ્રોત થયા છે. અમરેલીનાં નામાંકીત તબીબ ડો.નિતીનભાઈ ત્રિવેદી તથા સોના ચાંદીનાં અગ્રણી વેપારી શ્રી નિતીનભાઈ રાજપરાની તસવીરોએ અમરેલીમાં ધુમ મચાવી છે.


... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫








અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન
જય રામદેવ ટ્રાવેલ્સ
તદ્દન ન્યુ બ્રાન્ડ
A/C, NON A/C
બસ
નેસડીથી સુરત
તાતણીયાથી સુરત
ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL
ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત
ટાઇમ રાત્રે ૭,૮,૯
ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી
અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦
ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,
Online Booking : www.jayramdevtravels.com

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૫-૦૫-૨૦૨૪ શનિવાર

# આગામી ચોમાસુ માત્ર બુદ્ધિમાન ખેડૂતોને જ કૃષિલક્ષ્મી આપશે, ઉતાવળા ગોથા ખાશે

છેલ્લા એકાદ મહિનાથી ભારતીય પ્રજાને મોસમનો જુદા જ પ્રકારનો અનુભવ થઈ રહ્યો છે, તેનું પ્રથમ કારણ એ છે કે પ્રજાનો વિવિધ તુઓ માટેનો રોમાંચ ઓછો થઈ ગયો છે. ગયા શિયાળામાં અને આ ઉનાળામાં એનો આનંદ બહુ ઓછા લઈ શક્યા છે. ખરેખર તો શિયાળો અદભુત તંદુરસ્તીની મોસમ તો પણ ગયા વખતે સમગ્ર ભારતમાં જેની નોંધ ન લેવાય એવી નાની મોટી બિમારીઓના લાખો કેસો હોસ્પિટલોની પ્રદક્ષિણા કરતા જોવા મળ્યા છે. એનું એક બીજું કારણ એ છે કે એક તો નાગરિકોની સરેરાશ રોગપ્રતિકારક ક્ષમતા એટલે કે ઈમ્યુનિટી ઘટી ગઈ છે. ઉપરાંત પાછલા વર્ષોમાં આવેલી કોરોનાની નાની-મોટી લહેરે પ્રજાના આરોગ્યની એરણ પર ચડાવીને આકરી કસોટી કરેલી છે.

લોકજીવનના આરોગ્યમાં હજુ પણ કોરોનાનો આછો પડછાયો જોવા મળે છે. કોરોના પછી હાર્ટ એટેક લોહી પીવે છે. સાપ ગયો ને લિસોટા રહ્યા જેવી આ વાત છે. એની સામે બીજી એક સકારાત્મક બાબત એ છે કે લોકોની આરોગ્ય સભાનતા અભૂતપૂર્વ રીતે અભિવૃદ્ધ ગઈ છે. પહેલાની તુલનામાં લોકોનો આહાર શુદ્ધિ માટેનો આગ્રહ વધ્યો છે. એને કારણે દેશના વિવિધ રાજ્યોની મહાપાલિકાના મોટા પેટવાળા ફૂડ ઈન્સ્પેક્ટરોએ દરોડાઓ પણ વધારી દીધા છે અને દરરોજ લાખો ટન અખાદ્ય સામગ્રીનો વિનાશ કરવામાં આવે છે. જો કે સભાનતા વધી હોવા છતાં પાણીપુરીની લારી પાસેના ટોળા ઓછા થયા નથી.

કેટલીક બ્રાન્ડેડ કંપનીઓના આઉટલેટ પરથી પણ વાસી, પડતર અને ફેંકી દેવાપાત્ર સામગ્રીઓ ઝડપાઈ રહી છે. એનો અર્થ એ છે કે ખાણીપીણીમાં કોઈપણ બ્રાન્ડ ભૂલચૂકથી મુક્ત નથી અને બ્રાન્ડનો અર્થ એ નથી કે એનો આહાર શુદ્ધ હશે. આપણી પ્રજામાં આહારનું મૂલ્યાંકન કરવા માટેના ધોરણો સ્વતંત્ર રીતે છે જ નહીં. સરકાર આગવું વ્યવસ્થા તંત્ર છે.

ગુજરાત એટલે પાણીપુરીનો પ્રદેશ એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. સાંસ્કૃતિક બાબતોમાં જે ગુજરાત વિશ્વભરમાં એના રાસ-ગરબાથી ઓળખાય છે, એ જ ગુજરાત એક જમાનામાં ખાણીપીણીમાં બાજરાના રોટલા, ઊંધિયાનું શાક કે ફાફડા-જલેબીથી ઓળખાતું હતું. પરંતુ હવે પાણીપુરીથી ઓળખાય છે. કેન્દ્ર સરકારે આ વર્ષને મિલેટ વર્ષ તરીકે કરેલું છે. આમ તો આ આંતરરાષ્ટ્રીય મિલેટ વરસ છે, પરંતુ ભારત સરકારે એમાં બહુ જ રસ લઈને મિલેટ ઉત્પાદનોને પ્રોત્સાહન આપેલું છે. મિલેટનો અર્થ થાય છે બરછટ ધાન્ય. હિન્દીમાં એને મોટા અનાજ તરીકે ઓળખવામાં આવે છે. આ કેટેગરીમાં બાજરો, જવ, કાંગ, સામો અને એ પ્રકારના ધાન્યનો સમાવેશ થાય છે. પણ આ જ કેટેગરીમાં આવે છે. વિશ્વભરના આરોગ્ય નિષ્ણાતો ઘણી સદીઓ પછી હવે મિલેટ તરફ પાછા ફર્યા છે

ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના હિમ ખંડો પીગળતા એની નજીકના દેશોમાં નદીઓ પ્રલયકારી થઈ અને કાંઠાળ પ્રદેશોનું ભારે ધોવાણ થયું. આ વખતે તો ભારે હિમવર્ષા થઈ. યુરોપ અને અમેરિકામાં શિયાળાએ પોતાનું સ્વરૂપ પ્રદર્શિત કર્યું. ભારતમાં હિમાલય એ ખરેખર તો દુનિયાનો ત્રીજો ધ્રુવ પ્રદેશ છે. ભવિષ્યમાં ગમે ત્યારે વધી રહેલા ઉષ્ણતામાનને કારણે હિમાલયનો બરફ પણ એના નિયત ક્રમ કરતાં વધારે પીગળી શકે છે અને તો ઉત્તર ભારતથી દક્ષિણ તરફ વહેતી તમામ નદીઓમાં તોફાની પૂર આવી શકે છે. આ પ્રકારનું પૂર મુખ્યત્વે આવવાની સંભાવના હોય છે, જ્યારે આકાશમાં એક પણ વાદળ ન હોય. ત્યારે નદીઓ હર્ષઘેલી થઈને વહેવા લાગે છે. ભારતીય નદીઓના કાંઠે વિરાટ જન-સમુદાય વસે છે. વળી ઉનાળામાં તો પૂર આવવાની સંભાવના વિશે લોકો અજ્ઞાત હોય છે, એટલે જ્યારે પણ હિમાલયનો બરફ પીગળશે ત્યારે ભારતીય નદીઓમાં અણધાર્યા પૂર આવવાની સંભાવના

અમદાવાદથી જમ્મુ-તાવી ટ્રેનમાં બેસો એટલે ત્રીજા દિવસે સવારે હિમાલયના ધવલ ગિરિશિખરોનો સૌન્દર્ય મંડિત સાક્ષાત્કાર થાય. હિમાલયની જાળવણી કરવામાં ભારતીય પ્રજાએ હિમાલય જેવડી ભૂલો કરેલી છે. તળેટીના જંગલોની ઔષધિઓ કોર્પોરેટ કંપનીઓએ લૂંટી લીધી છે. ત્યાં નવા વાવેતર કરવાની કોઈને પડી નથી. આ વખતની ભારે બરફવર્ષાને કારણે નગાધિરાજ પર બરફના નવા બાઝ્યા છે પરંતુ સરેરાશ દરેક દાયકે એ શ્વેત ચાંદની સરીખા પડળ આછા થતાં જાય છે એ ચિંતાનો વિષય છે.

આગામી ચોમાસુ છેલ્લા દસ વરસમાં પહેલીવાર એક અસામાન્ય ચોમાસુ સાબિત થશે. અત્યારથી જ એના લક્ષણ દેખાવા લાગ્યા છે. આગામી ચોમાસુ માત્ર બુદ્ધિમાન ખેડૂતોને જ કૃષિલક્ષ્મી આપશે, ઉતાવળા કે બ્હાવરા ગોથા હાલના હવામાનમાં આપણે આકસ્મિક વરસાદને માવઠું કહીએ છીએ. ખરેખર હાલના વાદળાં માવઠાની વ્યાખ્યાને ઓળંગી ગયા છે. આ માવઠું નથી પરંતુ તુ પરિવર્તન છે. એટલે એક ઝાપટું આવીને એ અટકે નહિ. આખું ચક્ર પૂરું થતાં અરધો એપ્રિલ પસાર થશે. વાદળાં બંધાવાની સામુદ્રિક પ્રક્રિયામાં વર્તમાન વાતાવરણ બહુ મોટો વિક્ષેપ છે. કિસાનોને ચોમાસા માટે આ વરસે તૈયાર રહેવાનું છે.

## સાવરકુંડલામાં વરલીનો જુગાર રમાડતા ઝડપાયો

### મોબાઇલ, રોકડ અને સાહિત્ય મળી કુલ રૂા.૧૨ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)સાવરકુંડલા અમરેલી રોડ પીકઅપ બસ સ્ટેશન પાસે યુનુસ ઉર્ફે જોન્સ ઉંમરભાઈ જાખરા પોતાના મોબાઈલમાં વોટસેઅપ મેસેન્જરમાં વરલી મટકાના જુગારના આંકડાઓ લેતા હે.કોન્સ. જીતેન્દ્રભાઈ રાઠોડે મોબાઈલ રૂા.૧૦,૦૦૦ તથા રોકડ રૂા.૨૭૦૦ અને સાહિત્ય મળી કુલ રૂા.૧૨,૭૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો. જયારે સાગર, નિતીષ ઉર્ફે મુન્નો મોચી, સંજય મગનભાઈ ડોબરીયા, પપ્પુ નટુભાઈ જાડેજા આંકડાઓ લખાવી હાજર નહીં મળી આવી ગુનો કર્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં પરિણીતાને ત્રાસ અપાયો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલામાં રહેતી જમીલાબેન એજાજભાઈ ભાદુલાને પતિ એજાજ હુસેનભાઈ, દિયર હાજી, જેઠ જાકિર, જેઠાણી મુમતાઝબેને કરિયાવર અંગે મેણા ટોણા મારી ઢીકાપાટુનો મુંઢ મારમારી ત્રાસ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૫.૫.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ વદ બીજ, જયેષ્ઠા નક્ષત્ર , સિદ્ધ યોગ, તૈતિલ કરણ આજે સવારે ૧૦.૩૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન ,ય ) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.

### ચાર ગ્રહોની યુતિ ટાંકણે યજમાન શુક્ર પોતે જ અસ્તના છે

અગાઉ અત્રે લખ્યા મુજબ જૂનની શરૂઆતમાં છ ગ્રહો એક લાઈનમાં ગોઠવાઈ રહ્યા છે જે અલગ જ ભાત પાડે છે જયારે શુક્રના ઘરની વૃષભ રાશિમાં જ ચાર ગ્રહોની યુતિ થઈ રહી છે મજાની વાત એ છે કે શુક્રના ઘરમાં જ આ યુતિ થાય છે અને મકાનમાલિક શુક્ર પોતે અસ્તના છે! ચાર ગ્રહોની યુતિ ટાંકણે યજમાન શુક્ર પોતે જ અસ્તના છે. સૂર્ય બુધ ગુરુ અને શુક્ર આ ચાર ગ્રહોની યુતિ ચૂંટણી પરિણામ ટાંકણે ઘણા સંકેત આપી જાય છે તેની અન્ય અસરો જોઈએ તો ઘણા પરિવર્તનથી લઈને વાતાવરણમાં પલટો આવવો કહી શકાય આ ઉપરાંત આ સમયમાં ઘરેલુ હિંસા



એટલે કે ડોમેસ્ટિક વાયોલન્સના કેઈસીસમાં ખુબ ઉછાળો આવશે તથા પત્ની તરફથી થતા કેઈસની સંખ્યા માં પણ વૃદ્ધિ થશે વળી આ સમયમાં ઘણા હાઈ પ્રોફાઈલ હત્યા કેઈસ આવશે ખાસ કરીને સ્ત્રીઓને ગોંધી રાખી કે પરેશાન કરીને જીવલેણ હુમલાના કિસ્સા આવે વળી આ સમયમાં શો બિઝનેસ ,સીને જગત અને હાઈ સોસાયટીની મહિલાઓ ચર્ચા માં રહે અને કયાંક અત્યાચારનો ભોગ બનતી કે મોટા કોઈ કિસ્સાઓમાં નામ ખુલતા જણાય. કલા જગત માટે પણ શુક્ર અસ્તના છે એ સારા સમાચાર લાવતા નથી અને જૂનના અંત સુધીમાં કલા જગતના કોઈ સિતારા પોતાની ઈનિંગ પુરી કરતા જોવા મળે!

મેષ (અ,લ,ઈ) : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન .
મિથુન (ક,છ,ઘ) : આંતરિક સંબંધોમાં સારું રહે,મતભેદ નિવારી શકો,વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.
કર્ક (ડ,હ) : નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.
સિંહ (મ,ટ) : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારું રહે.
કન્યા (પ,ઠ,ણ) : પરિવાર સાથે આનંદ માણી શકો,દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.
તુલા (ર,ત) : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
વૃશ્ચિક (ન,ય) : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મન થી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
ધન (ધ,ભ,ફ,ઢ): જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.
મકર (ખ,જ) : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
કુંભ (ગ,સ,શ ) : મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.
મીન (દ,ચ,ઝ,થ): વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ ,નોકરિયાતવર્ગ ને સારું રહે,ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

### ૧૪ વર્ષના ત્રાસથી કંટાળી પત્ની પિયર આવી અને...

# બગસરામાં રીસામણે ગયેલ પત્નિ ઉપર પતિએ છરીના સોળ ઘા મારી પોતે આપઘાત કરી લીધો

### પત્નીને મનાવવા આવ્યો પણ ચાર દિવસથી પત્ની ન બોલતા મારી નાખવા છરીના સોળ ઘા મારી દેતા પત્નીને અમરેલી ખસેડાઇ : બનાવ બાદ લાગી આવતા પોતે ગળાફાંસો ખાઇ આપઘાત કર્યો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) વંથલી તાલુકાના સુખપુર ગામે રહેતી નીરલબેન ભરતભાઈ પરમાર ને તેના પતિ ભરત કરશનભાઈ પરમાર છેલ્લા ૧૪ વર્ષથી શારીરીક અને માનસિક ત્રાસ આપતા હોય. જે દુઃખ સહન ન થતા નીરલબેન છેલ્લા ત્રણ મહિનાથી પોતાના પિયર બગસરા રીસામણે આવેલ હોય. ત્યાં પતિ ભરત કરશનભાઈ પરમાર છેલ્લા ચારેક દિવસથી નીરલબેન પાસે આવેલ હોય.અને નીરલબેન ભરત સાથે બોલતા ન હોય. જે બાબતનું મનદુઃખ રાખી નીરલબેનને જાનથી મારી નાખવાના ઈરાદે શરીરે જુદી જુદી જગ્યાએ છરીના સોળેક જેટલા ઘા મારી આશરે ૫૦ જેટલા ટાંકા આવે તેવી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હથીયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બીજી તરફ આ બનાવ બાદ ભરતભાઈ કરશનભાઈ પરમાર ઉ.વ.૪૦ના પત્ની નિરલબેન બગસરા પિયરમાં રિસામણે ગયેલ હોય અને પત્ની તેની સાથે ન બોલતી હોવાથી તેમને છરી વડે જીવલેણ ઈજાઓ કરતાં સારવાર માટે દવાખાને ખસેડાતા પોતાને લાગી આવતા ભરત કરશનભાઈ પરમારે તા.૨૩-૫ના સાંજના છ કલાકે ધીરૂભાઈ લાખાભાઈ ધાધલ રહે. બગસરા વાળાની ડેમ વિસ્તારમાં આવેલ વાડીના ગોડાઉનમાં છતના પતરાની પાઈપ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું સુરેશભાઈ કરશનભાઈ પરમારે બગસરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## તોરીના બસ સ્ટેન્ડ પાસે બોલેરો ચાલકે વૃધ્ધ સાયકલ સવારને હડફેટે લીધા

### સાયકલ સાથે ભટકાવી હાથની આંગળીઓ ભાંગી નાખી નાસી ગયા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) વડિયાના અરજણસુખ ગામના ધનજીભાઈ ગોવાભાઈ રાખશીયા ઉ.વ.૭૧ પોતાની સાયકલ લઈને તા.૨૦-૫ના ૧૧-૩૦ કલાકે તોરી ગામના બસ સ્ટેન્ડ પાસે આવતા હોય. તે દરમ્યાન પાછળ થી એક અજાણ્યા બોલેરો પીકપ વાહનના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવી ધનજીની સાયકલને પાછળથી ઠોકર મારતા સાયકલ સહિત પડી જતાં હાથની ત્રણ આંગળીઓ ભાંગી જતાં ગભીર ઈજા કરી અકસ્માત કરી નાસી ગયાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બાબરાના ચરખા ગામે યુવાન ઉપર જીવલેણ હુમલો

### બે શખ્સોએ માથામાં પાઈપ મારી ગંભીર ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)બાબરા તાલુકાના ચરખા ગામે બસસ્ટેશન પાસે સંજયભાઈ અરજણભાઈ ઉગરેજીયા ઉ.વ. ૩૫ પોતાના ઘરેથી બસસ્ટેન્ડે બેસવા જતા હોય. ત્યારે ભુપત ચંદુભાઈ ઉગરેજીયાએ સંજયભાઈને બોલાવી કંઈક નશો ચડે તેવું લાવી આપવાનું કહી માથાકુટ કરી ગાળો બોલતા ગાળો આપવાની ના પાડતા વાળ પકડી માથું ખેંચી વાહન સાથે ભટકાવી મુંઢ ઈજા કરેલ. તે દરમ્યાન સુરેશ એભલભાઈ ઉગરેજીયાએ આવી ગાળો બોલી પકડી રાખતા ભુપતે વાહનમાંથી લોખંડનો પાઈપ કાઢી સંજયભાઈને માથામાં ત્રણેક ઘા મારી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી એકબીજાએ મદદગારી કરી હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલા કોર્ટમાં વકીલને મોબાઇલમાં ધમકી આપી

### ભરણ પોષણના કેસમાં અરજી કરતાં ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)રાજુલા કોર્ટમાં વકીલાત કરતાં વિનોદકુમાર સોમાભાઈ રાઠોડ ઉ.વ.૪૫ પાસે એક વર્ષ પહેલા ઉનાના રહેના બેન હસનભાઈ ઉર્ફે માફીયા આમીનભાઈ સમા આવેલ હોય. અને તેના પતિ વિરૂધ્ધ ભરણ પોષણનો કેસ ઉના કોર્ટમાં ચાલતો હોય જે કેસમાં વિનોદકુમાર વકીલ તરીકે રોકાયેલ હોય અને હસને ભરણપોષણ ભરેલ ન હોય તેથી તેના ઉપર રૂા.૭૨,૦૦૦ ચડત થયેલ હોય જે મેળવવા અરજી દાખલ કરેલ અને અરજીના આધારે ઉના કોર્ટમાંથી હસન વિરૂધ્ધ વોરંટ નિકળતા તેનું મનદુઃખ રાખી વિનોદભાઈને મોબાઈલમાં ગાળો બોલી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલાના ગોરડકાથી મેરીયાણા વચ્ચે ફિલ્મી ઢબે યુવાન ઉપર હુમલો

### માથામાં પાઈપ મારી ઈજા કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ગોરડકાથી મેરીયાણાના રસ્તે જયંતિભાઈ ઉર્ફે ટીટલો કાળાભાઈ કાતરીયા ઉ.વ. ૩૦ છેલ્લા એક માસથી તેના ગામના ઉદય વીરાભાઈ ચાંદુ સાથે -ટ્રેકટરના ફેરાનું કામ કરતા હોય. અને જયંતિભાઈને ઉદય પાસે ટ્રેકટરના ફેરાના પૈસા લેવાના બાકી હોય. ત્યારે રસ્તામાં સ્વીફ્ટ ફોરવ્હીલ કારમાં ઉદય વીરા ચાંદુ ડ્રાઈવર બાજુની સીટમાં બેસી આવી જયંતિભાઈને ચાલુ ફોરવ્હીલ ગાડીએ માથામાં પાઈપનો ઘા મારી ઘુંટણના ભાગે છોલાણ કરી ધમકી આપ્યાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ખેતરમાં જવાના રસ્તા ઉપરથી વીજ લાઈનના તાર પસાર થતા મનદુઃખ રાખી

# દરેડથી તાઈવદર વીજલાઈનનું કામ કરનાર યુવકને મારમારી લુંટ ચલાવી

### વાહનો, રોકડ રકમ અને ડોકયુમેન્ટ મળી રૂપિયા ૭.૫૦ લાખની લુંટ ચલાવ્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) બાબરા તાલુકાના દરેડથી તાઈવદર સુધી વીજલાઈનના પોલમાં તાર ફીટીંગ કરવાનું કામ ચાલુ હોય. મુળ જામનગર હાલ બાબરા ડાડુભાઈ કેશુભાઈ ચેતરીયા ઉ.વ.૩૬ સમર્થ એન્જીનીયરીંગ પ્રાઈવેટ કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હોય. અને છેલ્લા એક વર્ષથી આઈનોકસ કંપની દ્વારા વીજલાઈન ઉભી કરવાનો કોન્ટ્રાકટ મળેલ હોય. જેથી ડાડુભાઈ ચેતરીયા તથા જીલાભાઈ ભવાનભાઈ રાતડીયા રહે. કરીયાણાવાળા કામ ઉપર હોય. અને વનરાજવાળાના ખેતર જવાના રસ્તા ઉપરથી આ વીજલાઈનના તાર પસાર થતા હોય. જેથી સારૂ નહી લાગતા વનરાજ વાળા , એક અજાણ્યો શખ્સ વનરાજનો દિકરો , વનરાજનનો ભાઈ , સાહિલ તથા બે અજાણ્યા શખ્સોએ પુર્વઆયોજીત કાવતરું રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા વનરાજ વાળા તથા એક અજાણ્યો શખ્સ કામ ઉપર આવેલ.અને કામ કરતા મજુરોને ધમકાવી કામ બંધ કરાવેલ. અને કંપનીનું ટ્રેકટર મહિન્દ્રા કંપનીનું બળજબરી પુર્વક લઈ લીધેલ. અને ડાડુભાઈ પાસે આવી વનરાજે તેમનો કાઠલો પકડી ગાડી નીચે ઉતારી ગાળો બોલી કહેલ કે બાબરાની જમીન તમારા બાપની છે કે તમને મજા આવે ત્યાં થાભલા ઉભા કરો છો.તેવું જણાવી માથામાં પાઈપનો ઘા મારી ધમકી આપી અન્ય આરોપીઓ તથા તેમની સાથે બે અજાણ્યા શખ્સો હુંડાઈ ક્રેટા ગાડી લઈ લાકડી ધોકા જેવા પ્રાણઘાતક હથીયારો લઈ આવી ડાડુભાઈને ગાળો બોલી મારવા દોડી જીલાભાઈ ભવાનભાઈ રાતડીયાને આરોપીઓએ પાઈપ લાકડી ધોકા વડે મારમારી મુંઢ ઈજા કરી હુંડાઈ ક્રેટામાં જબરજસ્તીથી બેસાડી અપહરણ કરી વનરાજે તેમની વાડી ખેતરે લઈ ગયેલ. અને ત્યાં મારમારી કંપનીનું ટ્રેકટર અને ટ્રોલી રૂ/.૧,૦૦,૦૦૦ તથા ડાડુભાઈની ઈસુજુ કંપનીની ફોરવ્હીલ જી.જે. ૧૨ ડી.એમ. ૯૦૯૧ રૂ/.૫,૦૦,૦૦૦ તથા ફોરવ્હીલની પાછળની સીટમાં પડેલ કાળા કલરનો થેલો જેમાં ખેડુતના એગ્રીમેન્ટના ડોકયુમેન્ટ તથા રોકડ રૂ/.૧,૫૦,૦૦૦ મળી કુલ રૂ/.૭,૫૦,૦૦૦ની લુંટ ચલાવી મારમારી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી હથીયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જીલ્લામાં જુદા જુદા સ્થળોએથી પાંચ મોબાઈલ ફોન ચોરાયાની ફરિયાદો

### જિલ્લાના અલગ અલગ સ્થળોએથી પોલીસમાં ફરિયાદો નોંધાઇ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)સાવરકુંડલા નેસડી રોડ ચાર રસ્તા પર પ્રકાશભાઈ લાભશંકરભાઈ પુરોહીતનો સેમસંગ કંપનીનો રૂ/.૨૧,૯૯૯ ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.રાજુલા તુલસીબાગમાં ભેળપુરીની લારીએ ડુંગર ગામના જયેશભાઈ બીજલભાઈ નકુમનો સેમસંગ ગેલેકસી કંપનીનો રૂ/.૧૯૯૯૯ ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જાફરાબાદમાં લખમણભાઈ ભગવાનભાઈ બાંભણીયા નવા મકાને સુવા ગયેલ. ત્યાં દરવાજો ફીટ કરેલ ન હોય. અને ખુલ્લું હોય ત્યાં સુવા જતા વીવો કંપનીનો રૂ/.૧૮,૦૦૦ તથા સેમસંગ ગેલેકસી રૂ/.૧૨,૦૦૦નો મોબાઈલ કોઈ ચોરી ગયાની જાફરાબાદ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જયારે બાબરકોટના બાલુભાઈ પાંચાભાઈ સાંખટ બાબરકોટથી જાફરાબાદ જવાના રસ્તે જતા હતા ત્યારે એપલ કંપનીનો મોબાઈલ રૂ/.૨૦,૦૦૦ ની કિંમતનો પડી જતા કોઈ ચોરી ગયાની જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સાવરકુંડલાના વીજપડીમાં દુકાનના કાઉન્ટર ઉપર બહાર પડેલ રફીકભાઈ જમાલભાઈ ગાહાનો વન પ્લસ કંપનીનો રૂ/.૧૮,૫૦૦ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### કેમ વાડીએ આવતા નથી અને કામ કરતા નથી તેવું કહેતાં

## રાજુલાના રાજપરડા ગામે પ્રૌઢ ઉપર હુમલો

### બે શખ્સોએ લાકડી અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)રાજુલા તાલુકાના રાજપરડા ગામે રહેતા રમેશભાઈ ઉર્ફે કાઠી જાદવભાઈ મુંજપરા ઉ.વ.૪૫ તથા તેના જ ગામના કરણ રાજેશભાઈ ભરવાડના પિતાએ મળી જમીન ભાગવી રાખેલ હોય. ત્યાં રમેશભાઈના પત્ની તથા બાળકો કામ કરતા હોય અને કરણ રાજેશભાઈ ભરવાડ વાડીએ આવતા ન હોય અને કામ પણ કરતાં ન હોય જેથી રમેશભાઈએ કરણ રાજેશભાઈ તથા ભોલો રાજેશભાઈ ભરવાડને કહેલ કે કેમ વાડીએ આવતા નથી અને કામ કરતા નથી તેવું કહેતાં સારૂ નહીં લાગતા લાકડી વડે માથામાં મારમારી ઢીકાપાટુ વડે મુંઢ મારમારી ધમકી આપ્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૯૯૦ થી ૧૫૧૫ મગફળી ૮૬૦ થી ૧૨૩૧

*અમરેલી માર્કેટ યાર્ડ*
શિંગમઠડી-૧૦૪૦-૧૨૦૯
શિંગમોટી-૮૬૦-૧૨૩૧
ધાણી-૧૧૭૧-૧૩૯૦
તલસફેદ-૧૮૭૫-૧૯૯૯
તલકાળા-૨૩૦૦-૩૨૯૫
એરંડા-૯૦૦-૧૦૬૫
ઘઉંટુકડા-૪૫૩-૫૭૪
ઘઉંલોકવન-૪૫૭-૫૬૫
મરચાલાંબા-૧૧૬૦-૨૫૭૦
ચણા-૧૦૭૦-૧૩૨૦
કપાસ-૯૯૦-૧૫૧૫
રાય-૮૪૦-૧૧૭૫
જીરૂ-૨૨૦૦-૫૮૬૦
ધાણા-૧૦૨૦-૧૩૨૫
સોયાબીન-૮૩૨-૮૮૪
રાયડો-૯૫૫-૧૦૧૫
મેથી-૮૨૦-૧૧૮૦

*અમરેલી શાકભાજી*
બટેટા-૪૩૦-૪૯૦
રીંગણા-૫૦૦-૬૦૦
ફલાવર-૫૨૦-૬૨૦
કોબીઝ-૨૦૦-૬૦૦
ટમેટાં-૪૦૦-૪૭૦
વટાણા-૧૮૩૦-૨૦૩૦
ગાજર-૩૧૦-૪૧૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૨૪૦-૩૪૦
ગુવાર-૬૫૦-૮૫૦
દુધી-૨૦૦-૨૫૦
તુરીયા-૬૨૦-૮૨૦
ભીડો-૩૦૦-૫૦૦
આદુ-૨૪૨૦-૨૬૨૦
કોથમીર-૫૧૦-૬૧૦
મેથીભાજી-૫૩૦-૬૩૦
ટીંડોરા-૩૦૦-૪૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૭૦
મરચાલીલા-૩૨૦-૭૨૦
પાલક-૪૦૦-૫૦૦
લીંબુ-૮૦૦-૧૨૦૦
સરગવો-૨૧૦-૩૧૦

*રાજુલાયાર્ડ*
બાજરો-૪૦૦-૫૦૬
જુવાર-૪૫૧-૯૬૪
ઘઉં-૪૨૬-૫૩૨
વરીયાળી-૧૫૨૫-૧૫૨૫
ચણા-૯૦૧-૧૩૧૩
તુવેર-૧૦૦૦-૧૦૦૦
મગ-૧૬૦૧-૧૭૦૦
શીંગ-૮૦૧-૧૧૬૫
કપાસ-૧૨૫૦-૧૪૬૧
તલસફેદ-૨૦૦૦-૨૮૦૦

મહુવાયાર્ડ
ઘઉં-૪૩૫-૬૯૪
ડુંગળીલાલ-૧૦૫-૨૮૫
ડુંગળીસફદે-૧૯૭-૩૧૨
તલસફેદ-૨૦૦૦-૨૮૪૯
તુવેર-૧૦૦૦-૨૦૯૨
જીરૂ-૩૪૦૦-૫૯૦૦
ચણા-૧૧૦૦-૧૩૧૮
નાળીયેર-૪૯૧-૧૮૧૧
મગ-૧૩૩૫-૧૭૯૦
કપાસ-૧૧૫૦-૧૪૪૦
મકાઈ-૮૮૩-૪૪૫

બાબરા
કપાસ-૧૨૫૫-૧૫૦૫
તલસફેદ-૨૩૫૫-૨૮૦૫
ચણા-૧૧૪૦-૧૩૦૦
ઘઉં-૪૮૦-૫૬૦
બાજરો-૪૦૫-૪૩૫
જીરૂ-૪૨૧૦-૬૨૦૦
મગફળી-૧૧૩૦-૧૧૭૦
મગ-૧૪૬૦-૧૯૫૦

ધારી
કપાસ
તલસફેદ-૨૪૬૦-૨૬૫૧
શીંગદાણા-૧૪૦૦-૧૪૦૦
મગ-૧૭૦૦-૧૭૪૫
ચણા-૧૨૨૦-૧૨૨૦
ઘઉં-૪૦૬-૫૦૮
તુવેર-૧૧૭૫-૨૦૦૦
વાલ-૧૨૦૦-૧૨૦૦
એરંડા-૧૦૭૦-૧૦૭૦

*સાવરકુંડલા માર્કેટયાર્ડ*
શીંગમોટી-૧૧૮૧-૧૨૪૧
તલસફેદ-૨૫૦૦-૩૦૬૧
જીરૂ-૫૧૦૦-૬૧૦૦
તુવેર-૧૯૦૦-૨૨૫૦
કપાસ-૧૨૫૧-૧૫૧૬
ઘઉં-૪૮૦-૫૨૫
એરંડી-૧૦૫૦
મગ-૧૬૫૦-૧૮૧૧
ચણા-૧૨૦૦-૧૩૦૦
જીરૂ-૫૧૦૦-૬૧૦૦
જુવાર-૪૦૦-૮૮૪

ખાંભા
કપાસ-૧૧૭૫-૧૪૬૮
શીંગદાણા-૧૮૦૦-૧૮૦૦
મગ-૧૭૦૧-૧૭૦૧
એરંડા-૧૦૫૯-૧૦૫૯
તલસફેદ-૨૫૫૦-૨૭૩૦
જુવારસફેદ-૭૨૬-૭૨૬
જીરૂ-૫૯૫૦-૫૯૫૦

બગસરા
કપાસ-૧૧૦૦-૧૪૫૦
સોયાબીન-૮૦૫-૮૭૮
તલસફેદ-૧૯૦૦-૨૭૦૦
ઘઉંલોકવન-૪૮૬-૫૧૨
ઘઉંટુકડા-૪૩૨-૫૧૦
ધાણા-૧૦૨૫-૧૩૦૧
ચણા-૧૦૯૦-૧૩૧૫
શીંગફાડા-૧૩૮૦-૧૫૧૦
રાયડો-૮૦૧-૮૦૧
તુવેર-૧૪૫૦-૧૪૫૦
મગ-૧૫૦૪-૧૬૪૧

*અમરેલીફ્રુટમાર્કેટભાવ*
ચીકુ-૪૦૦-૬૦૦
દાડમ-૧૫૦૦-૨૦૦૦
મુસંબી-૭૦૦-૧૨૦૦
સંતરા-૧૬૦૦-૨૧૦૦
કીવી-૪૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૪૦૦
કેરી-૧૦૦૦-૨૪૦૦
ટેટી-૨૦૦-૪૦૦
કેળા-૩૫૦-૬૦૦
પોપૈયા-૪૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૪૦૦-૩૫૦૦
અનાનસ-૧૪૦૦-૧૮૦૦

લીલીયા
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૪.૪
ન્યુનતમ તાપમાન ૨૮.૬
ભેજનું પ્રમાણ ૬૫
પવનની ગતિ સરેરાશ-૧૦.૬

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજિટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૫-૦૫-૨૦૨૪ શનિવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV

આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

ધારીમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની સુવર્ણ જયંતિ તથા દશાબ્દી વર્ષ સાથે

# રાજી રેજો : ધારીમાં ૧૩૨મો યોગી જયંતિ મહોત્સવ

**શ્રી સ્વામિ નાયરાણ મંદિર બીએપીએસ ખાતે ૪ જુનથી ૯ જુન સુધી અનેકવિધ કાર્યક્રમો : રામાયણ એક બૃહદ કુટુંબ કથા સહિતનું આસ્થાભેર આયોજન**

**બીએપીએસ સ્વામિ નારાયણ સંતોની ઉપસ્થિતિમાં રામાયણ સંત પારાયણ યોગી ઘાટ ખાતે યોજાશે : ધારી સંત મંડળ દ્વારા યોગી મહોત્સવની તૈયારી**



ધારી,(ઉદયચોલેરા)

ધારીમાં બીએપીએસ સ્વામિ નારાયણ મંદિર ખાતે સુવર્ણ જયંતિ અને દશાબ્દિ વર્ષની ઉજવણી સાથે ૧૩૨મો યોગી જયંતિ મહોત્સવ તા.૪-૬-૨૪થી તા.૯-૬-૨૪ સુધી યોગી ઘાટ ખાતે ઉજવાશે. તે નિમિતે રામાયણ એક બૃહદ કુટુંબ કથાનું પણ આયોજન થયું છે. વકતા પુજય જનમંગલ સ્વામિ કથામૃતનું રસપાન કરાવશે. યોગી જયંતિ મહોત્સવમાં તા.૪ જુને પ્રારંભ થશે અને રાત્રે ૮-૩૦ થી ૧૧ સુધી મહોત્સવ સભા અને રામાયણ સંત પારાયણનો ૪ જુન મંગળવારથી પ્રારંભ અને ૮ મીએ પુર્ણાહુતિ કરવાશે. રાત્રે ૮-૩૦થી ૧૧ સુધી કથા યોજાશે. તા.૯ જુનને રવિવારે સાંજે ૫-૩૦ થી ૮ કથાની પુર્ણાહુતિ બાદ મહાપ્રસાદ સહિત કાર્યક્રમો યોજાનાર છે. તેમ ધારી સંતમંડળ વતી સાધુ દિનબંધુદાસ(કોઠારી સ્વામિ) દ્વારા જણાવાયું છે.

અમરેલી જિલ્લામાં ઉષ્ણલ હેરથી સિંહ સહિતના વન્યજીવોને પાણીની સગવડતા અને રાહત આપવા માટે અમરેલી વન તંત્ર પ્રતિબદ્ધ

# અમરેલી જિલ્લાના જંગલ વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો માટે પીવાના પાણીના ૫૦ પોઇન્ટ કાર્યરત

**જંગલ વિસ્તારમાં વન્યજીવો માટે પીવાના પાણીની વધુ સગવડ : વર્ષ ૨૦૨૩-૨૪માં માટે નવા ૧૭ પોઇન્ટ બનાવવામાં આવ્યા**



અમરેલી, તાજેતરમાં સમગ્ર રાજ્યમાં અનેક વિસ્તારો ઉષ્ણ લહેર છે. આ સ્થિતિમાં વન્ય જીવોને પાણી મળી રહે તે માટે અમરેલી વન તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાં શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા સિંહ સહિતના વન્યજીવોને ઉષ્ણ લહેરથી બચાવવા માટે પીવાના પાણીના પોઈન્ટની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પોઈન્ટ પર સમયાંતરે પાણી રિચાર્જ કરવામાં આવે છે. વન્યજીવોને તરસ છીપાવવા માટે દૂર સુધી જવું ન પડે તે હેતુ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. એશિયાઈ સિંહોના રહેણાંક વિસ્તાર એવા અમરેલી જિલ્લાના વિસ્તારોમાં સિંહો માટે વિશેષ કાળજી લેવાનો પ્રયાસ વન તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.

વન વિભાગ દ્વારા વિવિધ પ્રકારે આ પોઈન્ટ પર પાણી ભરવામાં આવી રહ્યું છે. જે પૈકીના કેટલાક સૌર અને પવન ઉર્જાથી સંચાલિત છે તો કેટલાક પોઈન્ટ પર ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે અમરેલી જંગલ વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો માટે પીવાના પાણીના ૫૦ પોઈન્ટ કાર્યરત છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અમરેલી જંગલ વિસ્તારમાં વન્યજીવો માટે પીવાના પાણીની વધુ સગવડ થાય તે માટે નવા ૧૭ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. આ વ્યવસ્થા અંગેની સમીક્ષા કરવાના હેતુથી પાણીતાણા-શેત્રુંજી વન્યજીવ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી જયન પટેલ દ્વારા વનવિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. નાયબ વન સંરક્ષકશ્રીએ જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

પોલીસ માત્ર કાયદો વ્યવસ્થાનું જ કામ નથી કરતી તેનામાં પણ જીવ માત્ર પ્રત્યે સહાનુભુતિ હોય છે

# બોટાદ પોલીસે ઢસામાં વિનામુલ્યે છાશ વિતરણ કરી અનેરી માનવતા મહેકાવી

**ઢસા પોલીસ સ્ટેશન દ્વારા કાળઝાળ ગરમીમાં અનેરી માનવ સેવા**



અમરેલી, ઢસામાં પોલીસ દ્વારા લોકોને વિના મુલ્યે છાશ વિતરણ કરી હતી. એક સમયે પોલીસને જોઈ લોકો ભાગતા પણ પોતાની કામગીરીથી પોલીસે લોકોના મિત્ર તરીકે સ્થાન મેળવ્યુ છે અને પોલીસે પણ લોકોની સાથે રહી કાયદો વ્યવસ્થા સાથે જીવ માત્ર પ્રત્યે પોતાની અનુહુતિ હોય છે તે યથાત કરી બતાવ્યું છે. બોટાદના એસપી સહિત ઉચ્ચ અધિકારીઓના સહયોગથી ઢસા પોલીસે કાળઝાળ ગરમીમાં લોકો પ્રતિકાર કરી શકે તે માટે રાહદારીઓને ધ્યાને લઈ વિનામુલ્યે ઠંડી છાશનું વિતરણ કેન્દ્ર શરૂ કરી માનવતા મહેકાવી હતી. આ વિનામુલ્યે છાશ કેન્દ્રનો અનેક લોકોએ લાભ લીધો હતો. જાહેર રોડમાં લોકોની અવર જવર વાળા વિસ્તારમાં જ રાવટી ખોલી ખુદ પોલીસ કર્મચારીઓ જ લોકો સુધી છાશ પહોંચાડતા હતાં તે કામગીરીની લોકોએ પણ પ્રશંસા કરી હતી. પોલીસ પ્રજાનો મિત્ર છે. તે વાત અહીં યથાત જોવા મળી હતી.

# અમરેલીમાં એઆરટીઓ કચેરી ખાતે અન અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું જાહેરનામુ : હુકમ ઉલ્લંઘન કરનાર સામે કાનૂની કાર્યવાહી થશે**

અમરેલી, અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અન અધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમનો ભંગ કરનાર સામે ધી ઈન્ડિયન પીનલ કોડ-૧૮૭૦ની કલમ-૧૮૮ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે સજાને પાત્ર થશે. આ હુકમ અન્વયે ફરજ પરનાર સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા એ.આર.ટી.ઓ કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે. આ હુકમ તા.૨૨ જુલાઈ, ૨૦૨૪ સુધી અમલી રહેશે.

# તરવડાથી સરંભડા સુધી ડામર રોડની બંને સાઇડે જંગલ કટીંગ કરાવવા માંગ

**અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી ભંડેરી દ્વારા માર્ગ મકાન કાર્યપાલક ઇજનેરને રજુઆત**



અમરેલી, અમરેલી તાલુકાનાં તરવડા ગામથી સરંભડા ગામ સુધીનાં પાંચ કીમી અંતરનાં ડામર રોડની બંને સકાઈડમાં ગાંડા બાવળનું સામ્રાજ્ય જામી ગયું છે. જેના કારણે વાહન ચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી પડે છે અને રોડની બંને સાઈડ ગાંડા બાવળ રોડ ઉપર આવી ગયા હોવાથી અવાર નવાર અકસ્માતો સર્જાય છે. જેથી કરીને લોકોને પડતી હાલાકી ધ્યાનમાં રાખી તાત્કાલી ધોરણે ગાંડા બાવળ દુર કરવા અમરેલી તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ મનીષભાઈ ભંડેરી દ્વારા જિલ્લા પંચાયત માર્ગ મકાન કાર્યપાલક ઈજનેરને રજુઆત કરવામાં આવી છે.

# લીલીયાના વિકલાંગને સાડાત્રણ મહિને પણ આધારકાર્ડ મળ્યું નથી

**સાડા ત્રણ માસ બાદ જવાબદાર તંત્ર કહે છે તમારૂ કાર્ડ રદ થયું છે**



અમરેલી, લીલીયાના રહીશ સુનિલભાઈ હિંમતભાઈ દવે વિકલાંગ છે અને તેમને આધારકાર્ડની જરૂરિયાત ઉભી થતાં અમરેલી જનસેવા કેન્દ્રમાં નવું આધારકાર્ડ કાઢવવા પ્રક્રિયા પુરી કરી હતી. જે તા.૩૧-૧-૨૪ના પ્રક્રિયાઓ કરી એ પછી સાડા ત્રણ માસનો સમય પસાર થઈ ગયો. આધારકાર્ડ માટે જરૂરી ડોકયુમેન્ટ આપેલ છતાં કાર્ડ રિજેકટ કરવામાં આવેલ છે. આમ કરવા પાછળનું કારણ શું? આધારકાર્ડ ન નીકળતા વિકલાંગ અરજદાર મુશ્કેલીમાં મુકાયા છે. આધારકાર્ડ રદ થવા પાછળ કારણ શું? અને ટેકનિકલ ફોલ્ટ હતો તો પાછળથી રિજેકટ કરાતાં વિકલાંગ મુશ્કેલીમાં મુકાયા છે. આ અંગે તપાસ કરી જવાબદારો સામે પગલા લેવા અને અરજદારને આધારકાર્ડ મળે તેવો પ્રબંધ કરવા સુનિલભાઈ હિંમતભાઈ દવેએ કલેકટર સહિતને રજુઆત કર્યાની જણાવ્યું છે.

# લાઠી પોલીસ મથકનાં પશુ પ્રત્યે ઘાતકી વલણનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કોડે ઝડપી પાડ્યો



અમરેલી, લાઠી પોલીસ મથકનાં પશુ પ્રત્યે ઘાતકી વલણનાં ગુનામાં આરોપી જાવેદ ઉર્ફે જાવીદ વલીભાઈ લખોટીનાં મિત્ર જાહીદભાઈ સતારભાઈ મેતર રે.શિહોરવાળા લાઠી પાસેથી ટ્રકમાં ગેરકાયદેસર ઘાસચારા કે પાણીની સગવડ રાખ્યા વગર ક્રુરતાપુર્વક દોરડાથી ગૌવંશનાં બળદ જીવ નં.૧૬ તથા તોરસ ટ્રક જીજે૦૪વીપ૩૬૪માં ભરી નિકળતા પોલીસે પકડી પાડ્યાં હતાં જેમાં ગુનો દાખલ થયેલ. જેની બાતમી રાહે પેરોલ ફર્લો સ્કોડ અમરેલીને જાણકારી મળેલ કે આ શખ્સ આજદીન સુધી પોલીસ પકડવાની બીકે ફરાર હોય જેમને આઠ વર્ષથી નાસતા ફરતા આરોપી જાવેદ ઉર્ફે જાવીદ વલીભાઈ લખોટી તા,કરજણ, ગામ વલણવાળાને પેરોલ ફર્લો સ્કોડનાં પીએસઆઇ સીએન દવે અને સ્ટાફે ઝડપી લઈ લાઠી પોલીસને હવાલે કર્યો હતો.

૧૯૮૦ માં શ્રી કુમાર સાહેબ વખતે ગામના પુર્વ પોલીસ પટેલ અને

# નાના આંકડીયાના સામાજીક અગ્રણી શ્રી વલ્લભભાઇ પોપટભાઇ જાવિયાનું નિધન

**શ્રી વલ્લભબાપાની ભજન કિર્તન સાથે અંતિમયાત્રા : આજે અમરેલી ખાતે સદગતનું બેસણું**



અમરેલી, (ડેસ્ક રિર્પોટર) અમરેલીમાં ૧૯૮૦ માં ડીએસપી શ્રી કુમાર સાહેબ વખતે નાના આંકડીયા ગામના પુર્વ પોલીસ પટેલ અને નાના આંકડીયાના સામાજીક અગ્રણી શ્રી વલ્લભભાઈ પોપટભાઈ જાવિયાનું ૯૧ વર્ષની વયે નિધન થતા શોકની લાગણી છવાઈ હતી અને શ્રી વલ્લભબાપાની ભજન કિર્તન સાથે અંતિમયાત્રા નિકળી હતી. શુક્રવારે નાના આંકડીયા ખાતે બેસણામાં અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વીન સાવલીયા સહિતના વિવિધ ક્ષેત્રના આગેવાનોએ સદગતના પુત્રો શ્રી મધુભાઈ તથા શ્રી વિનુભાઈ (ભગત) તથા શ્રી હિમતભાઈ, શ્રી કાંતિભાઈ અને શ્રી રતિભાઈ અને શ્રી જયસુખભાઈ તથા તેમના બહોળા પરિવારને સાંત્વના પાઠવી હતી. આજે શનીવારે સવારે ૮ થી ૧૧ સુધી અમરેલી કડવા પટેલ સમાજ વાડી હનુમાનપરા ખાતે સદગતનું બેસણું રાખવામાં આવેલ

# ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો અનુસરીએ

અમરેલી,

ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુ લાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો હોય છે જે વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્ય માટે હાનિકારક છે. લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધે છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)થી બચવા યોગ્ય પગલાઓ ભરવા આવશ્યક છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી વધુ માત્રામાં પરસેવો થાય છે, તેના લીધે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. શરીર અને હાથ પગમાં અસહ્ય દુ:ખાવો થવો, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા સહિતની અસરો વ્યક્તિને અનુભવાઈ છે. આરોગ્ય પર થતી આ વિપરીત અસરોથી બચવા યોગ્ય પગલાઓ લેવાના રહે છે. ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની તુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ બને ત્યાં સુધી તડકામાં ફરવું નહી. દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી અને લીંબુ શરબત સહિતનું પ્રવાહી પીતા રહેવું. ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને આવશ્યકતા જણાય ત્યારે ભીના કપડાથી શરીરને અવાર-નવાર લુછતું રહેવું. ગરમીની તુ દરમિયાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. માથાનો દુ:ખાવો થવો, બેચેની થવી, ચક્કર આવવા, ઉબકો કે તાવ આવે તો નજીકના દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર વિના વિલંબે તરત લેવી. હિટવેવને લગતા એલર્ટની વખતોવખતની સૂચનાઓને અનુસરવાની અને ગરમીથી બચવા સાવધ રહેવું. શ્રમકાર્યમાં જોડાયેલા હોય તેવા શ્રમિકવર્ગને સન સ્ટ્રોક (લુ)ની અસરોથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાનું રહે છે. તેમણે ગરમીથી બચવાના ઉપાયો અનુસરવાના રહે છે, તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રાજુલા એસ ટી ડેપોમાં છાશ વિતરણ



રાજુલા, રાજુલા સમગ્ર ગુજરાત ભરમાં સખત તડકાના કારણે મુસાફરી જનતા હેરાન પરેશાન થઈ રહી છે ત્યારે એક કલાક બેસવું હોય તો પણ લોકો એક જગ્યાએ બેસી શકતા નથી જ્યાં જુઓ ત્યાં સુન કાર હોય છે હાલ તો એસટી તંત્રમાં પણ ટ્રાફિકનો ઘટાડો જોવા મળે છે કેમકે લોકો ગરમી ના કારણે પણ મુસાફરી ટાળે છે આરોગ્યતંત્ર દ્વારા પણ અપીલ કરી છે કે પાણી વધારે સાસ વધારે પીવા ત્યારે રાજુલા ડેપો એસ ટી ડેપો ખાતે કર્મચારી દ્વારા માનવતાની મહેક ફેલાવી હોય તેમ કર્મચારીએ પોતાના કરશે રાજુલા ડેપોમાં છાસ વિતરણ નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ડેપો સ્ટાફ તેમજ પ્રવાસી જનતા ને ઉનાળા ની આ અસહ્ય ગરમી થી રાહત મળે એ ઉદ્દેશ્ય થી છાશ વિતરણ કરવામાં આવેલ. જેમાં ડેપો મેનેજર શ્રી જોશી તેમજ બાબુભાઈ ખુમાણ તેમજ ભરતભાઈ વરું તેમજ ચંપુભાઈ ચાંદુ તેમજ હરેશભાઈ દોઢિયા તેમજ હેડ મિકેનિક જાની ભાઈ તેમજ મિલનભાઈ ચાવડા હાજર રહેલ અને કાર્યક્રમ ને સફળ

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
*શરતોને આધિન
પ્રસ્તુત છે નવુ આયસર 188 (મીની) ટ્રેક્ટર
ગર્વમેન્ટ સબસીડી માન્ય
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન
● ઓઇલ બ્રેક
● મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
● સાઇડ ગેર
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫





સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ





ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૭૫




## જૂનાગઢમાં વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાં નિષ્ણાંતોનો મત : સમગ્ર ચોમાસા દરમિયાન ૫૦ થી ૫૫ દિવસ વરસાદ

# સૌરાષ્ટ્રમાં આગામી ચોમાસુ ૧૨ થી ૧૪ આની રહેશે

### જૂનના બીજા અઠવાડિયા પછીથી ૨ તબક્કામાં વાવણી થવાની શક્યતાઓઃ વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાં ચોમાસાનો વરતારો રજૂ કરતા ૫૦ જેટલા આગાહીકારોનું એકંદરે ચોમાસુ સારું રહેવાનું અનુમાન

જૂનાગઢ,(હિતેશ પારેખ)

વર્ષા વિજ્ઞાન મંડળ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત ૩૦માં વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાંપરંપરાગતરીતેચોમાસાનો વરતારો રજૂ કરતા ૫૦ જેટલા આગાહીકારોનું એકંદરે ચોમાસુ સારું રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. એટલે કે, આગામી ચોમાસુ ૧૨ થી ૧૪ આની રહેવાની આગાહી કરવામાં આવી છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી વી.પી. ચોવટીયાએ અધ્યક્ષસ્થાને આગાહીકારોના સારાંશ રજૂ કરતા જણાવ્યું કે, જૂન મહિનાના બીજા અઠવાડિયા પછીથી ૨ તબક્કામાં વાવણીથવાનીશક્યતાઓરહેલીછેઅને સમગ્ર ચોમાસા દરમિયાન ૫૦ થી ૫૫ દિવસ વરસાદ રહેવાની શક્યતાઓ છે. ઉપરાંત તેમણે જુલાઈ ઓગસ્ટમાં અતિવૃષ્ટિની સંભાવનાઓમાં આગાહીકારોનો એકમત જોવા મળતો નથી. વાયરા વિશે પણ આગાહીકારોના જુદા જુદા અનુમાનો છે.

તેમણે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર ગુજરાત ઉપરાંત સમગ્ર દેશની પ્રગતિ માટે ચોમાસુ સારું થાય તે ખૂબ જરૂરી છે.

### રસપ્રદ છે વરસાદના અનુમાનની પદ્ધતિઓ

વર્ષા વિજ્ઞાન મંડળના અવલોકનકારો જુદી જુદી પ્રાચીન માન્યતાઓ અને પદ્ધતિ જેવી કે ભડલી વાક્યો, જ્યોતિષવિદ્યા, ખગોળવિદ્યા, લોકવાયકા, વનસ્પતિના લક્ષણો, પશુ-પક્ષીની ચેષ્ટાઓ, સેટેલાઈટ ચિન્હો, આકાશમાં કસની તારીખો, જન્મભૂમિના પંચાંગના માધ્યમ, બંધાયેલા ગર્ભ, શિયાળા- ઉનાળાનું તાપમાન, અખાત્રીજના દિવસે પવનની દિશા, હોળીના જાળની દિશા વગેરેને ધ્યાનમાં લઈ વરસાદનું પૂર્વાનુમાન કરવામાં આવે છે. આમ, વરસાદના અનુમાનની પદ્ધતિઓ રસપ્રદ છે.

### વર્ષા વિજ્ઞાન મંડળે પડકારો વચ્ચે પણ કાર્ય ચાલુ રાખ્યું, આગાહીકારોએ મહેનત કરી વરસાદ માટેના અવલોકનો લીધા આગાહીના પેપરનો આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ

આગાહીકારોના અનુમાનથી ખેડૂતોને આયોજન કરવામાં સરળતા રહે છે.

તેમણે જણાવ્યું કે, વડવાઓ દ્વારા વારસામાં મળેલા આ જ્ઞાનને અભેરાઈએ ન ચડાવી શકીએ, આગાહીકારો સામે જુદા જુદા પડકારો આવતા રહેશે. પરંતુ આ જ્ઞાનને પોતાના પૂરતું સીમિત ન રાખતા આ વર્ષા વિજ્ઞાન નું જ્ઞાન આવનારી પેઢીને મળે તે પણ જરૂરી છે.

આ પ્રસંગે સંયુક્ત સચિવ શ્રી એચડી મારડિયાએ જણાવ્યું કે, પરંપરાગત રીતે વરસાદની આગાહીનું જ્ઞાન ધરાવનાર કદાચ છેલ્લી પેઢી હશે. પરંતુઆ વારસો જળવાઈ રહે તે માટે નવી પેઢીને આ જ્ઞાન આપવા માટે જરૂરી ગણાવ્યું હતું.

વર્ષા વિજ્ઞાન મંડળના પ્રમુખ અને વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી એન.બી જાદવે જણાવ્યું કે, વરસાદના પૂર્વાનુમાનથી ખેડૂતો રિસ્ક મેનેજમેન્ટ સારી રીતે કરી શકે છે. જીવજંતુ અટકાવવાથી માંડી પિયત ક્યારે આપવું તેના આયોજન કરી શકાય છે. ઉપરાંત તેમણે ૩૦ વર્ષ પૂર્વે શરૂ થયેલ વર્ષા વિજ્ઞાન મંડળની ભૂમિકા પણ આપી હતી.

વર્ષા વિજ્ઞાન મંડળના કારોબારી સભ્ય શ્રી જેરામભાઈ ટીંબડીયાએ જણાવ્યું કે, વર્ષા વિજ્ઞાન


(અનુ. પાના નં.૭)


### આગાહીકારોનુ વાવણી, અતિવૃષ્ટિ વિશે અનુમાન

આગામી ચોમાસુ-વરસ સારૂ રહેશે તેવુ ૩૬ આગાહીકારો જણાવ્યુ છે. તો ૧૨ આગાહીકારો ચોમાસું મધ્યમ રહેશે તેવુ અનુમાન જણાવ્યું હતું.


સૌરાષ્ટ્રમા વાવણી લાયક વરસાદ જૂનના બીજા અઠવાડીયામા થાય તેવા ૨૧ અવલોકન, જૂનના ત્રીજા અઠવાડીયામા થાય તેવા ૨૫, જૂનના ચોથા અઠવાડિયામાં થાય તેવા ૨૧ અવલોકન અને જૂલાઈ માસમાં જુદા-જુદા સમયગાળામાં થાય તેવા ૯ અવલોકનો મળ્યા છે.અતિવૃષ્ટિ જૂલાઈના બીજા અઠવાડિયામાં થાય તેવા ૮, જૂલાઈના ત્રીજા અઠવાડિયામાં થાય તેવા ૭, જૂલાઈના ચોથા અઠવાડિયામાં થાય તેવા ૧૨ અને ઓગષ્ટ માસમાં જુદા-જુદા સમયગાળામાં થાય તેવા ૧૦ અવલોકન મળ્યા છે.


AIRAVAT • CANCER CARE • SHREE RMS HOSPITAL
ડો. ઋષિત દવે
એમ.એસ., એમ.સીએચ. (જી.સી.આર.આઈ)
કેન્સરનું નિદાન તેમજ કેન્સરના ઓપરેશનના નિષ્ણાંત...
તારીખ : ૨૫-૦૫-૨૦૨૪ ને શનિવારે
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ મળશે
ડૉ. રામાનુજ શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ
એડ્રેસ : કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી
૬૩૫૩૧ ૧૩૭૭૨ | ૯૪૨૯૬ ૮૯૩૮૯
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૫૮૦/૨૨૯૫૮૦





મારૂતિ ક્લિનિક
ડો. આકાશ આર. જાવિયા B.H.M.S.(C.C.H.)
ડો. હિના એ. જાવિયા B.A.M.S., M.E.T.C.
રાજકોટની ખ્યાતનામ હોસ્પિટલમાં ૬ વર્ષથી વધુ કામ કરવાના અનુભવી - નિષ્ણાંત તબીબ
પેટના રોગો ગેસ - એસીડીટી, વારંવાર મોઢુ આવી જવુ, ઉલ્ટી - ઉબકા થવા, પીત - કબજીયાત, લીવરનો સોજો, પેટ ફુલવુ - પેટનો દુઃખાવો, અપચો રહેવો, પિતાશયની પથરી, આંતરડામાં ચાંદા પડવા, ભુખ ન લાગવી, હરસ - મસા તથા તેની સાથે લોહી પડવુ તેની તપાસ તથા સારવાર ઉપલબ્ધ
તારીખ : ૨૪-૫-૨૦૨૪ થી ૨૭-૫-૨૦૨૪ સુધી કિલનિક તદન બંધ રહેશે
E.C.G. (કાર્ડિયોગ્રામ) ની સુવિધા ઉપલબ્ધ / ડાયાબીટીસ / બી.પી. / કોલેસ્ટ્રોલ
સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦
દુ.નં.૧૦, લાઇફ લાઇન કોર્નર, માણેકપરા, મેઇન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી
મો. ૯૬૬૨૬ ૩૫૧૨૪


સમભાવ હોસ્પિટલ
ડો. દેવકી એ. મોગા
M.B., DVD (Skin & VD)
dr.devkivala@gmail.com
હવે અણગમતા વાળથી છુટકારો મેળવો અને આને જ અપનાવો
''લેસર હેર રીમુવલ''
US-FDA માન્ય DIODE મશીન દ્વારા
• ચીન • બીકીની
• અપરલીપ • ચેસ્ટ & બેક
• અન્ડરઆર્મ
• હેન્ડ
• લેગ
સ્ત્રી તેમજ પુરૂષો બન્ને માટે
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો.ધડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮ - અપોઇમેન્ટ માટે મો.૭૫૬૭૨ ૭૬૩૬૯





કલરવ હોસ્પિટલ
ડો. મિથિલ આર.પટેલ
સ્ત્રી રોગના નિષ્ણાંત (MD D.G.O.)
સ્ત્રીરોગ અને પ્રસુતિની શ્રેષ્ઠ સારવાર માટે કલરવ હોસ્પિટલમાં સારવાર શા માટે ?
ફ્રી ડિલીવરી સિઝેરિયન ઓપરેશન
• સ્ત્રીરોગની શ્રેષ્ઠ સારવાર
• નોર્મલ ડિલિવરીને પ્રાથમિકતા
• નિઃસંતાન દંપતીની સારવાર દ્વારા પ્રેગ્નન્સી
• ક્રિટિકલ અને સિઝેરિયન ડિલિવરીની સારવાર ગર્ભાશય અને અંડાશયના
• રોગ માટે લેપ્રોસ્કોપી સર્જરી દ્વારા સારવાર.
કલરવ હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી. ● ફોન નં. (02792) 221322



હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
5% Cash Back Max. up to 2000/-*
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377





ફોર વ્હીલ સનેડા તથા થ્રી વ્હીલ સનેડા બનાવી આપશું.
મારો વિશ્વાસ મારી તાકાત
શ્રી ચામુંડા સનેડો ટ્રેક્ટર
સરકાર માન્ય સબસીડી મળવાપાત્ર
શ્રી ચામુંડા એન્જીનીયરીંગ
મનિષભાઈ પંડ્યા
9115821111 9737323402
અમરેલી રોડ, ખુશી રેસ્ટોરન્ટ ની બાજુમાં, મુ.ચિત્તલ, તા.જી. અમરેલી.
www.shreechamundaengineering.in





આકર્ષક પગારથી
સ્ટાફ જોઇએ છે
પેટ્રોલ પંપ પર કામ કરી શકે તેવો સ્ટાફ જોઇએ છે
ફીલરમેન : ભાઇઓ / બહેનો
મેનેજર : ભાઇઓ
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
માણેકપરા - અમરેલી




હવે...બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
24x7 Emergency Services
ડૉ. નીત ચોટાઈ
MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો | પથરીના ઓપરેશન
પ્રોસ્ટેટના ઓપરેશન | સુન્નતના ઓપરેશન
પુરુષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
કિડની, મૂત્રમાર્ગ, પ્રોસ્ટેટ અને પથરીના સુપર સ્પેશ્યાલિસ્ટ ૨૪x૭ ઈમરજન્સીમાં મળશે.
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯





ટપક પદ્ધતિની 16 mm અને 20 mm હોલસેલ ભાવથી બંડલ મળશે
ખેતરમાં નાખવા માટે PVC PIPE ISI માર્કાવાળી હોલસેલ ભાવથી મળશે
ટપક પદ્ધતિમાં સરકારમાન્ય કંપની જેમાં GGRC દ્વારા ૭૦% થી ૮૫% સુધી સબસીડી મળશે
રોયલ ઈરીગેશન
જી.આઇ.ડી.સી. અમરેલી
મો.૯૯૧૩૬ ૨૨૨૭૪

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. વલ્લભભાઇ પોપટભાઇ જાવિયા (ઉ.વ.૯૧)**
મુ.નાના આંકડીયા, તા.જી.અમરેલી
સ્વ.તા.૨૩-૫-૨૦૨૪, વૈશાખ સુદ-૧૫ ને ગુરૂવાર

દિલગીરી સાથ જણાવવાનું કે, અમારા પિતાશ્રી તા.૨૩-૫-૨૦૨૪, ગુરૂવારના રોજ રામચરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

-:: અમરેલી મુકામે સદગતનું બેસણું ::-
તારીખ : ૨૫-૦૫-૨૦૨૪ ને શનિવારે, સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક
સ્થળ : કડવા પટેલ સમાજ, હનુમાનપરા રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

લી.
શ્રી મધુભાઇ વલ્લભભાઇ જાવિયા
શ્રી વિનુભાઇ વલ્લભભાઇ જાવિયા (ભગત ઓમ શાંતિ)
શ્રી હિંમતભાઇ વલ્લભભાઇ જાવિયા
શ્રી કાંતિભાઇ વલ્લભભાઇ જાવિયા
શ્રી રતિભાઇ વલ્લભભાઇ જાવિયા
શ્રી જયસુખભાઇ કાળુભાઇ જાવિયા
તેમજ જાવિયા પરિવારના જયશ્રી કૃષ્ણ
મો.૯૪૨૬૪ ૪૮૦૬૫ - મો.૯૪૨૬૨ ૨૭૭૪૨